સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

જુલાઈ - ૨૦૦૭







**આપણા સૌ કોઈ શિષ્યના જીવનમાં યોગ અને ક્ષેમનું વહન કરનારા વિરલ ગુરુદેવ**
**દક્ષિણ વિભાગ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય**
**શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શ્રીચરણોમાં ગુરુપૂર્ણિમાના પર્વએ કોટિ કોટિ વંદના...**






# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૩, અંક :- ૧, તા. ૨૦-૦૭-૦૭

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ

:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી

:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.


:: લવાજમના દર ::

| | |
|---|---|
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 130 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.chintansardhar.com
www.sardhar.org
E-mail : amrutdhara2003@yahoo.com


## "વ્હાલા લાગે વાલપના વેણ..."

"...તેમજ તમારો સર્વેનો આચાર્ય ને ગુરુ અને ઉપદેષ્ટા એવો જે હું, તે મારા દેહના જે આચરણ તે પ્રમાણે પણ તમારે ન કરવું. અને અમારા સંપ્રદાયને વિષે જેમજેના ધર્મ કહ્યા છે, તે જે અમારા વચન તે પ્રમાણે તમારે સર્વેને રહેવું, પણ અમારા આચરણ પ્રમાણે ન રહેવું."

- ભગવાન શ્રી સ્વામિનારાયણ : વચનામૃત વડતાલ પ્રકરણ : ૧૮

## :: અનુક્રમણિકા ::


૧ ગુરુ મહિમ્નઃ સ્તોત્રમ્ ... ૦૨
- પાર્ષદ ખુશાલ ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આચાર્યપદની વિશિષ્ટતા ... ૦૩
સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

૩ સમર્પિતભાવ એટલે ગુરુ-શિષ્યનો એકાત્મભાવ ... ૦૬
- સાધુ યોગેશ્વરદાસ ગુરુઃ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ ગુરુઋણમાંથી મુકત થવાનો અવસર : ગુરુપૂર્ણિમા ... ૧૦
- સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી - સરધાર

૫ ગુરુપૂર્ણિમા - અષાઢ સુદ - ૧૫ ... ૧૩
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

૬ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આચાર્ય અને ગુરુ ... ૧૬
- સાધુ ધર્મવલ્લભદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૭ તસ્મૈ શ્રી ગુરવે નમઃ - ગુરુપૂર્ણિમા ... ૧૮
- પાર્ષદ રસિક ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૮ શ્રીજીમહારાજના નિષ્કામી સંગાથી સદ્. મૂળજી બ્રહ્મચારી ... ૨૦
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

૯ સર્વોપરી-સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન ... ૨૩
સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

૧૦ વાણીમાં વિવેક જરૂરી છે ... ૨૫
- સાધુ નિર્દોષસ્વરૂપદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૧૧ મોહનવરને માન સંગાથે વેર... ... ૨૭
- પાર્ષદ જનમંગલ ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૧૨ સત્સંગ સમાચાર પત્રિકા... ... ૨૯
અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર



# ॥ ગુરુ મહિમ્નઃ સ્તોત્રમ્ ॥

પાર્ષદ ખુશાલ ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



## દોહા :

શ્રી વૃતપુર ધામકે, અલબેલ અમલ અધીપ;
એજ અજેન્દ્રપ્રસાદજી, મુદમય મુની મહીપ...૧
સકળ જગત્‌ગુરુસે સરસ, સુખ શાંતિ ધર છાજ;
એજ અજેન્દ્રપ્રસાદજી, આનંદી અતિ આજ...૨
સાહિત્ય કવિત સંગીત, મહોદધીન કે મીન;
એજ અજેન્દ્રપ્રસાદજી, લલીત અમીત જશલીન...૩
પુનીત ગંગ સમાન પ્રબળ, દેખે મમઅનુપાપ;
એજ અજેન્દ્રપ્રસાદજી, પાપીન હારી પાપ...૪
સુખકર સબ સંસાર કે, ઉદ્ધવ મત સ્થંભ આજ,
એજ અજેન્દ્રપ્રસાદજી, નિર્મળ ગરીબ નિવાજ...૫
વિદ્યા વિનય વિવેક ધર, વરતન શુભ અતિરાજ;
એજ અજેન્દ્રપ્રસાદજી, મંગળ રૂપ મહારાજ...૬
તરણી જગ જલધી તરણ, કરણ સકલ કલ્યાન;
એજ અજેન્દ્રપ્રસાદજી, કરણ જનન ઠીક સ્થાન...૭
પ્રેમનેમકી પાજ શુભ, પુનિત પુન્યકો પુંજ;
એજ અજેન્દ્રપ્રસાદજી, વ્યોમરહત ગુણ ગુંજ...૮
ધરમકુલ ઉપધન ધરન, ધરમસેતું સુખ ધામ;
એજ અજેન્દ્રપ્રસાદજી, જક્ત ઈમા મત જામ...૯
ધર્મ ધુરંધર ધવલધિય, સુભગ ધરમધજ છાજ;
એજ અજેન્દ્રપ્રસાદજી, ધરમગુરૂન ધજ રાજ...૧૦

- પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શ્રીચરણોમાં
ગુરુપૂર્ણિમાના પર્વએ કોટિ કોટિ વંદના...







# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આચાર્યપદની વિશિષ્ટતા

સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

આ જગતમાં મોટાભાગના લોકો જાતે આચાર્ય બની બેઠેલા છે અથવા તો અજ્ઞાનતાને વશ ધર્મનું સાચું સ્વરૂપ સમજ્યા વિના, પરમાત્માના સાચા સ્વરૂપની ઓળખ વિનાના મનુષ્યોએ પોતાના સ્વાર્થ સારું ઘણાને આચાર્ય બનાવી દીધેલ છે. આ સંપ્રદાય એ ગુરુમુખી સંપ્રદાય નથી. અહીં વ્યક્તિ પૂજાનો સંપૂર્ણ નિષેધ છે. આ સંપ્રદાયના 'આચાર્યપદ'નું અન્ય આચાર્ય કરતાં વિશિષ્ટ પદ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની અયોધ્યાવાસી ઉપર અપૂર્વ પ્રસન્નતા હોય એ સ્વાભાવિક છે. જેમણે પોતાનું જીવન સંપ્રદાયને અર્થે ન્યોછાવર કર્યું, જેમણે પોતાના દેહ, ધન, ધામ, કુટુંબપરિવાર સર્વે પ્રત્યક્ષ પરમાત્માની સેવામાં જોડી દઈને સમગ્ર જીવિતવ્ય સત્સંગ પરાયણ કરી દીધું, તેમના ઉપર પ્રગટ પ્રભુની પ્રસન્નતા ન ઊતરે તો બીજા કોના ઉપર ઊતરે ? તેથી શ્રીજીમહારાજ અમદાવાદ પ્રકરણના ૩જા વચનામૃતમાં કહે છે : "...અને વળી આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગી ને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા કેમજે, અયોધ્યાવાસીએ તો અતિશે જ સત્સંગપરાયણ પોતાનું જીવિતવ્ય કર્યું છે. માટે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતાં કોઈને આવડતું નથી."

એક તો ધર્મદેવના પવિત્ર કુળમાં જન્મ, શ્રૌતસ્માર્તકર્મ સંપન્ન બ્રાહ્મણ કુટુંબમાં બાલ્યાવસ્થાથી પ્રાપ્ત થયેલા શુભ સંસ્કાર, ને તેમાં વળી પરબ્રહ્મ પરમાત્માએ સ્વયં કૃપા કરી પોતાના દિવ્ય તેજનું તેમાં આરોપણ કર્યું, પછી તેમાં શું ખામી રહે ? પરોક્ષમાં આચાર્યો તથા ગુરુઓ ઘણા હશે, પરંતુ એ બધા માત્ર પરંપરાથી ગાદી પર આવ્યા હશે. પણ અયોધ્યાવાસીમાંથી જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીરજીને ભગવાન શ્રીહરિએ ગાદી આપી, એ બંને જે પદ ઉપર આરૂઢ થયા, એ ગાદી, એ પદ ને એ પીઠ સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં છે, તેથી એમાં પૂછવાનું જ શું હોય ? ભગવાન શ્રીહરિ પોતાના સ્થાન ઉપર પોતાના





જેવા જે હોય તેમને જ મૂકે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આચાર્યોમાં દૈવત પણ એવું જ અપૂર્વ મૂકેલું છે. આત્યંતિક કલ્યાણનો પ્રથમ આધારસ્તંભ મંદિરો અને મૂર્તિઓ છે. તેમાં પણ ધર્મવંશી આચાર્ય દૈવત મૂકે - એ જ્યારે પ્રતિષ્ઠા કરે કે પૂજવા માટે મૂર્તિઓ મુમુક્ષુઓને આપે ત્યારે એ મૂર્તિઓ સેવ્યસ્વરૂપ ગણાય. મુમુક્ષુ પણ સત્સંગી તે જ કહેવાય, જેણે ધર્મવંશી આચાર્ય પાસે દીક્ષા લીધી હોય, સાધુ-બ્રહ્મચારી-પાર્ષદ પણ પોતાની તે તે સંજ્ઞાને ક્યારે પામે ? જ્યારે ધર્મવંશી આચાર્ય દીક્ષા આપે ત્યારે જ. મુમુક્ષુઓને તિલક-ચાંદલો ને તુલસીની કંઠી ધારણ કરવાનો અધિકાર પણ ધર્મવંશી આચાર્ય દીક્ષા આપે ત્યારે જ પ્રાપ્ત થાય છે. વળી શ્રીજીમહારાજે મહામંદિરો કરાવી તેમાં પોતાના અર્ચા સ્વરૂપો પધરાવ્યાં, તેમની સેવા પણ ધર્મવંશી આચાર્યોને જ સોંપી.

'લક્ષ્મીનારાયણાદીનાં સેવા કાર્યા યથાવિધિ ।' તે તે સ્વરૂપોની યથાવિધિ સેવા ધર્મવંશી આચાર્યોએ સ્વયં કરવી એવી આજ્ઞા કરી. ભાગવતી મહાદીક્ષા પામેલા સંતો, નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતની દીક્ષા પામેલા વર્ણીઓ, સેવાની દીક્ષા પામેલા પાર્ષદો અને સામાન્ય દીક્ષા પામેલા સત્સંગીઓ એ સર્વેને ધર્મમાં વર્તાવવાનું કે એ સર્વેના ધર્મનું રક્ષણ કરવાનું કાર્ય પણ શ્રીજીમહારાજે ધર્મવંશી આચાર્યોને જ સોંપ્યું. ટૂંકમાં ભગવાન શ્રીહરિએ મુમુક્ષુ જીવોના આત્યંતિક કલ્યાણનું કાર્ય ધર્મવંશી આચાર્યોને પોતાના જેવા જ જાણીને સુપરત કર્યું છે.

આ જગતમાં મોટાભાગના લોકો જાતે આચાર્ય બની બેઠેલા છે અથવા તો અજ્ઞાનતાને વશ ધર્મનું સાચું સ્વરૂપ સમજ્યા વિના, પરમાત્માના સાચા સ્વરૂપની ઓળખ વિનાના મનુષ્યોએ પોતાના સ્વાર્થ સારું ઘણાને આચાર્ય બનાવી દીધેલ છે. આ સંપ્રદાય એ ગુરુમુખી સંપ્રદાય નથી. અહીં વ્યક્તિ પૂજાનો સંપૂર્ણ નિષેધ છે. આ સંપ્રદાયના 'આચાર્યપદ'નું અન્ય આચાર્ય કરતાં વિશિષ્ટ પદ છે. તેનો ટૂંકાણમાં અત્રે ઉલ્લેખ કર્યો છે.

૦૧. આ આચાર્યપદનું સ્થાપન સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે સં. ૧૮૮૨ના કારતક સુદ - ૧૧ના રોજ વડતાલમાં કરેલું છે અને તે અંગેનો જરૂરી લેખ, સાક્ષીઓની સહી-સંમતિ સહિત સં. ૧૮૮૩ના માગશર સુદ - ૧૫ના રોજ ગઢડામાં દાદાખાચરના દરબારમાં કરેલ છે.

૦૨. આ પદ શ્રીજીમહારાજના કુળમાં જ, ધર્મદેવના વંશમાં જ રહે તેવું વારસાઈ પદ છે. ભગવાન શ્રીહરિના કહેવા પ્રમાણે આ કુળની તોલે અન્ય કોઈ પણ આવી શકે તેમનથી. તેથી જ આ પવિત્રોત્તમ (કેમ કે ભગવાન શ્રીહરિએ તેને પવિત્ર અને ઉત્તમકુળ ગણ્યું છે.) કુળમાં જ આ પદ રહે તેવી વ્યવસ્થા શ્રીજીમહારાજે કરી છે.

૦૩. ધર્મદેવના વંશજ પુરુષવંશમાં જ પ્રસ્થાપિત થઈ શકે તેવું આ પદ છે.

૦૪. આ આચાર્યપદ જન્મથી જ પ્રાપ્ત થઈ શકે, ફક્ત કર્મે કરીને પ્રાપ્ત ન થાય તેવું છે. અર્થાત્ ધર્મદેવના વંશમાં જન્મ ધારણ કરવાથી આ પદ મળી શકે તેમછે. ધર્મદેવના વંશમાં જન્મએ essential condition છે.

૦૫. બાઈઓના ગુરુ તરીકે વિદ્યમાન આચાર્યશ્રીના પત્ની કે જે, પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ શ્રી ગાદીવાળા તરીકે ઓળખાય છે, તે જ હોઈ શકે અને બાઈ માત્ર તેમના થકી જ દીક્ષા મંત્ર લેવો પડે.

૦૬. આચાર્ય ગૃહસ્થ હોવા છતાં પણ સમીપ સંબંધ વિનાની સ્ત્રીઓને મંત્ર ઉપદેશ કરી શકતા નથી, સ્પર્શ કરી શકતા નથી અને બોલી પણ શકતા નથી. (જેના મરણથી સૂતક લાગતું હોય તે સમીપ સંબંધ કહેવાય. સ.જી., પ્ર.૩, અ.૨૫)

૦૭. અનુગામી આચાર્યશ્રીની નિયુક્તિ, વિદ્યમાન આચાર્યશ્રી સત્સંગમાં મોટેરા ત્યાગી-ગૃહીની મરજી લઈને કરી શકે છે. અર્થાત્ ત્યાગી-ગૃહીની મરજી લેવી સારી છે, પરંતુ તેમાં વિદ્યમાન આચાર્યશ્રીની મંજૂરી અનિવાર્ય છે.

૦૮. આચાર્યશ્રીએ જે સ્વરૂપ પોતાને સેવવા આપ્યું હોય અથવા જે સ્વરૂપની તેઓશ્રીએ પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવા-પૂજવા તથા ધ્યાન કરવાથી આત્યંતિક કલ્યાણ થાય છે, તે સિવાય તો માત્ર બીજબળ થાય છે.

૦૯. આચાર્યશ્રીની આજ્ઞા અને અનુમતિથી જ આચાર્યપત્ની બાઈઓને મંત્રદીક્ષા આપી શકે છે.

૧૦. આચાર્યશ્રીના દર્શને આવતા હરિભક્ત, તેઓશ્રીના ચરણોમાં જે ભેટ મૂકે તેને આચાર્યભેટ કહેવાય અને દેશ-વિભાગના લેખ મુજબ તે આચાર્યશ્રીની અંગત આવક જ ગણાય. આ ઉપરાંત દરેક સત્સંગીઓએ પ્રતિવર્ષ વ્યક્તિદીઠ આઠઆના

(શ્રીહરિલીલામૃત : ૮/૪૭, અત્રે ઉલ્લેખનીય છે કે યથાયોગ્ય સમય પ્રમાણે આ રકમમાં ફેરફાર કરવો જરૂરી ગણાય.) નામવેરા તરીકે આચાર્યશ્રીને આપવા તેવું બંધારણ ભગવાન શ્રીહરિએ ઘડેલું છે. આ બંને આવકો તેઓશ્રીની અંગત આવકો ગણાય અને તેમાંથી તેઓશ્રીએ દેહનો વ્યવહાર ચલાવવો તેવી અર્થ વ્યવસ્થા શ્રીજીમહારાજે દેશ-વિભાગના લેખમાં કરી છે.

૧૧. શિક્ષાપત્રી શ્લોક - ૧૨૮ મુજબ ગુરુમંત્ર આચાર્યશ્રી થકી જ લેવાય. તે સિવાય અન્ય કોઈ ગમે તેવો મોટો સમાધિનિષ્ઠ હોય તો પણ તેના થકી ગુરુમંત્ર લેવાય નહિ અને લે તો તે ફળે પણ નહિ.

૧૨. આ આચાર્યોનું સ્થાપન પોતાના ભક્તોના ધર્મની રક્ષાને અર્થે કરવામાં આવ્યું છે. (શિક્ષાપત્રી : શ્લોક-૧૨૮) આ જીવો ઉપર અહૈતુકી કૃપા સિવાય અન્ય કંઈ જ પ્રયોજન નથી.

૧૩. ભગવાન શ્રીહરિ કહે છે કે આ આચાર્યો એ અમારું સ્વરૂપ છે, તેમ માનજ્યો. આજથી તે અમારે ઠેકાણે છે તેમ માનજ્યો, અમે એમાં રહીને સદાય સર્વેને દર્શન દઈશું. અમારા પ્રગટપણાના ત્રણ ગૂઢ સંકલ્પોમાંનો એક તે આચાર્યપદનું સ્થાપન છે. આમ, આચાર્ય એ ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ અપર સ્વરૂપ છે. પણ એ નોંધવું ઘટે કે આચાર્યશ્રીનું ધ્યાન-ઉપાસના થાય નહિ.

૧૪. આ સંપ્રદાય ગુરુમુખી સંપ્રદાય નથી. આ આચાર્યશ્રી હરિભક્તોને પોતામાં જોડતા નથી. મુમુક્ષુ જીવોને તેઓશ્રી ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં જ જોડે છે. તેઓ ક્યારેય પોતાનું ધ્યાન-ભજન-માળા-સ્તુતિ-અષ્ટકો કરાવતા નથી.

૧૫. અગાઉ અનેક અવતારો થઈ ગયા છે, પરંતુ તેમના કુળ ગોત્ર વિષે કોઈ જ માહિતી ઉપલબ્ધ નથી. ભગવાન શ્રીહરિએ આ પદ પોતાના જ કુળમાં પ્રસ્થાપિત કર્યું છે.

૧૬. આ આચાર્યશ્રીને સારા હરિભક્ત-સંત-ગુરુ જરૂરથી કહી શકાય, પણ કોઈ હરિભક્ત ગમે તેવો મોટો હોય પરંતુ તેને આચાર્ય કહી શકાય નહિ.

૧૭. જેમ આચાર્યશ્રી પોતાની સમીપ સંબંધ વિનાની સ્ત્રીઓ સાથે બોલે નહિ, સ્પર્શ ન કરે, તેવી જ રીતે આચાર્ય પત્ની પણ વર્તે. એટલું જ નહિ પણ તેઓ પોતાનું મુખ પર પુરુષને ન દર્શાવે.

૧૮. સંપ્રદાયના આચાર્યશ્રી એ ભગવાન શ્રીહરિનું જ અપર સ્વરૂપ છે. શ્રીજીમહારાજ તેમાં રહીને આપણને દર્શન દે છે, સત્સંગમાં પ્રગટ વિચરે છે, આમ ભગવાન શ્રીહરિએ



વારંવાર સંપ્રદાયના તમામ પ્રમાણિત શાસ્ત્રોમાં કહ્યું છે.

૧૯. ભગવાન શ્રીહરિએ આચાર્યપદનું સ્થાપન જીવોના કલ્યાણને અર્થે જ કર્યું છે.

ઈંગ્લેન્ડમાં આજે પણ ઉક્તિ છે કે A king can do no wrong - રાજા ક્યારેય ખોટું કરતો નથી. આનો અર્થ એ નથી કે પ્રજાને રાજામાં અંધ વિશ્વાસ છે પરંતુ પ્રજાને રાજા ઉપર સંપૂર્ણ નિષ્ઠા અને વિશ્વાસ છે કે તે જે કાંઈ કરશે તે આપણા હિત માટે જ હશે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી આ સંપ્રદાયના ગુરુ છે - ધણી છે - ભગવાન શ્રીહરિના સ્થાને છે - શ્રીજીમહારાજના અપરસ્વરૂપ છે - ગુરુમંત્રના પ્રદાતા છે. તેથી આપણે એક સાચા આશ્રિત તરીકે એમમાનવું જ રહ્યું કે, તેઓ જે પણ કાંઈ કરે છે તે આપણા કલ્યાણને અર્થે જ કરે છે. તે માટે ભગવાન શ્રીહરિએ દેશ-વિભાગના લેખમાં પણ લખાડાવ્યું છે :- "...તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો." અર્થાત્ જો આપણે શ્રીજી સ્થાપિત આચાર્યશ્રીઓની આજ્ઞામાં નહિ રહીએ તો આપણે ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનના દ્રોહી અને ગુરુદ્રોહી ગણાઈશું. માટે આપણે આચાર્યશ્રીઓએ શું કરવું જોઈએ તેને લક્ષમાં લીધા વગર જો તેઓની આજ્ઞા પાળીશું તો શ્રીજીમહારાજના વચને કરીને આપણું કલ્યાણ જરૂર થશે. પતિવ્રતા સ્ત્રી જેમપોતાના પતિની આજ્ઞામાં વર્તે તો પતિ ગમે તેવો હોય તો પણ તે સ્ત્રી પતિવ્રતાનું બળ (ઐશ્વર્ય) અચૂક પામે છે. કારણ કે તે સ્ત્રી પોતાના પતિને ઈશ્વરતુલ્ય સમજીને તેની આજ્ઞા પાળે છે, તેથી ભગવાન શ્રીહરિના વચને કરીને તે આવી પતિવ્રતાની સામર્થીને પામે છે. તેમ આપણે પણ આચાર્ય મહારાજશ્રીને શ્રીજીસ્વરૂપ માનીને તેમની આજ્ઞામાં રહેવું તો શ્રીજીમહારાજને વચને કરીને આપણું જરૂર કલ્યાણ થાય.

('ધર્મવંશી આચાર્યપદ'માંથી સંકલિત)

# સમર્પિતભાવ એટલે ગુરુ-શિષ્યનો એકાત્મભાવ

સાધુ યોગેશ્વરદાસ ગુરુઃ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



શ્રીજીમહારાજની સમાન (અપરસ્વરૂપ) ગુરુદેવનું સ્થાન સાપેક્ષતાએ જીવનમાં આકાર પામશે ત્યારે જ ભગવાન શ્રીહરિની વાસ્તવિક ઓળખાણ થઈ કહેવાશે. શ્રીજીમહારાજના અપરસ્વરૂપ સમા પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના ક્ષુલ્લક દોષોને લક્ષમાં લઈને એમની અવગણના કરવા જેવું ભયાનક પાપ શિષ્યમાં બીજું ક્યું સંભવી શકે ? પોતે દોષ બહુલ છતાં ગુરુના સામાન્ય દોષને મહત્ત્વ આપીને એમના તરફ અસદ્ભાવ કરવો એટલે ઉપકારીનો દ્રોહ ! તો તો તે ગઢડા પ્રથમના દસમા વચનામૃતના જે સેવકરામ તેમનો સાક્ષાત્ અવતાર કહેવાય.

આજનો સમય કેટલો ભયાનક ! મોહની સર્વત્ર છાઈ ગઈ છે લીલા ! ચોમેર ઉલટાઈ ગયું છે વિલાસનું વાયુમંડળ ! ચોમેર વેરાયા છે શબ્દાદિ વિષયોના ભભકાદાર આડંબર ! એ બધાની વચ્ચે રહીને આપણે એ બધાથી અનાસક્ત રહેવાનું ! ખાવાનું છતાં મોં ફિક્કું રાખીને, જોવાનું છતાં અવિકારદૃષ્ટિને અવલંબીને ! પહેરવાનું છતાં લાપરવા થઈને, ગીત રાગથી ગાવાના પણ વૈરાગ્યની સરગમ સાથે, ઉપદેશ શ્રોતાવર્ગને દેવાનો પણ સ્વને ઉપદેશ દેવાની કળા શીખીને !

ભયાનક સમય અને એમાં આવી લાક્ષણિક કળાઓ શીખવાની ! રહેવાનું પ્રવૃત્તિમાં અને જવાનું નિવૃત્તિના ધામમાં. વિકારી વચ્ચે રહીને નિર્વિકાર સાધવાનો ! શક્ય છે ? એવું સામર્થ્ય પણ આપણામાં છે ? જો ના, તો તો ડગલે ને પગલે ભૂલો થતી જ રહેને ? અતિસાર - બહુલજીવન ક્યારેક અનાચારને રવાડે ચડી ન જાય શું ? તો શું થાય ? જીવનનો કરૂણ રકાસ (ફજેતો) જ ને ?

સાધનાનો સર્વનાશ ! સત્ત્વનો સત્યાનાશ ! સાધુવેષે ? અનંત સંસાર દંભના આંચળે ? છે બચવાનો કોઈ ઉપાય ! પાત્ર થઈ ગયા વિના રહેતું નથી. પાપ ન ગમવા છતાંય થઈ જાય ! દુઃખનો પાર નથી, છતાં પાપોની પરંપરા ચાલું છે. છતાં ઉગરવું છે ? પાપ કદી ન થાય એવા ધન્યતમ જીવનને અવશ્ય આલિંગવું છે ? નિષ્પાપ જીવનની મંગલમય પળો આ જીવનમાં જ અવશ્ય જોવી છે !

શેં જોવાય ? કોણ બતાવે ? કોણ બચાવે ? કોણ રક્ષે ? કોણ આંખના આંસુ લૂં છે ? કોણ આશ્વાસન આપે ? છે કોઈ શરણું ? છે કોઈ આ ત્રાસનું તરણું ?

મુક્તોના વર્ષોના અનુભવનું તારવણ જણાયું ? આપને ગમશે કે નહિ ગમે, જચશે કે નહિ જચે, સ્પર્શશે કે નહિ સ્પર્શે. એ તો કોઈ જાણતા નથી, પરંતુ કહી દીધા વિના હવે છૂટકો જ નથી.

મુમુક્ષુના જીવનની સુરક્ષા, સફળતા અને સિદ્ધિ જે કાંઈ કહો તે બધુંય ગુરુને સમર્પિત થવામાં છે. અહિં મુખ્યત્વે દીક્ષાદાતા ગુરુને જ ગુરુ કહેવાનો મારો આશય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનું





અપરસ્વરૂપ હોવાથી સ્તો (!!!)

આ એકજ રસ્તો છે : સીધો-સાદો, સુંદર અને રોચક મુક્ત બનવાનો. જ્યાં સમર્પણભાવ નથી ત્યાં કશુંય નથી. છે માત્ર વિરાટશૂન્ય અવકાશ.

ચિંતનોના નિચોડરૂપ આ સાર મુક્તપુરુષોને જડ્યો. જડેલું જીવનમાં જડી દીધું ત્યારે જ તિમિર ગયું અને જ્યોતિ પ્રકાશી. ઉકળાટ શમ્યા અને આનંદ ઊભરાયા, કમ્પનો ગયા અને સ્થિરતા સ્પર્શી.

વર્ષોના અણઉકલ્યા શાસ્ત્રના અર્થ ગુરુના પૂનિત સ્પર્શમાત્રથી ઉકલી ગયા ! એના આરંભ કરેલા કાર્યો સહેલાઈથી આરપાર ઊતરી જવાનું ઉદાત્ત કૌશલ્ય પ્રાપ્ત થયું છે...!

શી રીતે સમજાવું ? અનુભવે જ સમજાય તેવી વાતો કલમનાં જોરે શી રીતે સમજાવવી ?

એતો જે એ દીક્ષા દાતાગુરુને સમર્પિત થયા છે તે જ એ ચમત્કારોની દુનિયાને સમજી શકે છે. એજ એની રસમસ્તી માણી શકે છે, એજ દેવાધિદેવોના સુખનેય થું કરવાની તાકાતનો સ્વામી બની શકે છે.

તમારે સફળ જીવન જીવી જવું છે ? તો આળોટો જાઓ ગુરુના શ્રીચરણોમાં ! મુમુક્ષુજન કશુંય વિસાર્યા વિના સંપૂર્ણ રીતે સમર્પિત થઈ જશે ગુરુની આજ્ઞાને...... મરજીને પણ મુજરો કરી જાણશે.

શાસ્ત્રો વારંવાર ચેતવે છે, કોઈ લોભ-લાલચમાં આપઘાત કરશોમાં ગુરુની અવગણના કરીને ! સ્વચ્છતાના આનંદ કરતા એને ક્યાંય ઉલ્લંઘી જાય તેવો આનંદ ગુરુની ઈચ્છાને સ્પર્શ કરવા માત્રથી જ છે. નાહક શાને ફસાઓ છો એ ભૌતિક સમૃદ્ધિની લોભામણી લાલચોમાં !

જીવના જીવનને રેંસી-પીંસીને સાફ કરી નાખે તેવા જડ-જીવનના સમકારામાં કોઈ ના અંજાશો, ના - કદાપિ નહિ.

પેલો અહંકાર સૂરચૂર કરશે શક્તિઓને ! અથડાવી અથડાવીને વિનાશ વેરશે એ પ્રચંડ તાકાતોનો ! સંપ્રદાયનો ! સ્વનો ! સર્વનો !

છે કોઈ સૂરચૂર કરનાર અહંકારને ય ચૂર કરી દેનારી ઉપાસના ?

હા, એનુ જ નામછે, ગુરુને વિષે સમર્પણભાવ, ગુરુપારતંત્ર્ય.

શાસ્ત્રોએ પેલું જ પહેલું સાધન દેખાડીયું ! ક્યું ? ગુરુ પારતંત્ર્યનું. મુમુક્ષુ એકજ તરાપ મારીને ત્યાં જ તેઓને ઝડપી લે, જીવનમાં ઉતારી લે, ત્યાં વિચારને અવકાશ જ ન હોય ! એ તો આત્માના પ્રદેશે પ્રદેશમાં સોંસરું ઊતરી જાય ! જરાય વિચારવા રહે, પૂછવા રહે, અનુભવવા રહે તે રખડી જાય, મહાપુરુષ મટી જાય, એની સાધના મિટ્ટીમાં મળી જાય.

જે એ વાતનો તાગ પામી ગયા તે ભયભીત થયા સ્વાતંત્ર્યથી તેમના રૂવાડાં ખડા થઈ ગયા ! આખું અંગ કંપી ઊઠ્યું ! ગાત્રો શિથિલ થઈ ગયા, મોં ધોળા પૂણી જેવા થઈ ગયા ! એ વિદ્વાન હતા તોપણ વિદ્વતાને જ મારક માનવા લાગ્યા, ધ્યાની હતા તોય સ્વકૃત સ્વૈચ્છિક ધ્યાનને જ કોલસો કરી દેતી આગ માનવા લાગ્યા, તપસ્વી હતા તોય તપને જ આત્મ ઘાતક માનવા લાગ્યા, એ નાસી છૂટ્યા ગુરુને શરણે, આળોટી ગયા એમના ચરણોમાં ! ચૂમી લીધા એ પૂનિત ચરણોને વારંવાર (!!!)

લલચાશોમાં સ્વાતંત્ર્ય વાયુથી અકળાશોમાં દીક્ષાદાતા ગુરુના પારતંત્ર્યથી ! લોભાશો નહિ લોકૈષણામાં, મોહશો નહિ માન-પાનમાં, ફસાશો નહિ રમા-રામાના રંગમાં... એ તો તમારા રામરમાડી દેશે, જીવનું કાટલું કાઢી નાખશે.

મહાજ્ઞાની પણ લલનાના એક કટાક્ષમાં રૂનાં પૂમડાની જેમક્યાંય ઊડી ગયા ! મહા

તપસ્વી પણ વિષયના વમળોમાં ક્યાંય તમ્મર ખાઈ ગયા ! પ્રવચન પ્રચારકો પણ રસના રાગમાં આબાદ રંગાઈ ગયા ! ગુરુ સમર્પણના અભાવે સ્તો !

મુમુક્ષુ જીવન એટલે ઉપાસનાનું જીવન, મુમુક્ષુની સર્વ પ્રથમફરજ ગુરુને સમર્પિત રહેવાની છે. જ્યાં સમર્પણ નથી ત્યાં સેંકડો વર્ષોથી ચાલી આવતી ભગવાન શ્રી સ્વામિનારાયણની અવિચ્છિન્ન ગુરુ-શિષ્ય પરંપરાનું ખૂન છે. એ પરંપરાનો ઉઘાડો દ્રોહ છે. પરંપરાનું વિચ્છેદનું એ કારમું પાતક છે. સિવાય ત્યાં કશું નથી.

સ્વતંત્ર વિચારોમાં ભલે કંઈક વિશેષતા હશે, મનમાની આરાધનામાં ભલે કંઈક વિકાસ દેખાતો હશે, પરંતુ હકીકતમાં બધુંય ભ્રાંત હોય છે. એ વિકાસ તો અહંકારથી ખરડાયેલો છે. એ સ્વાતંત્ર્ય સંપ્રદાયને હાનિ કરે, સ્વનું અહિત કરે, આશ્રિતો પર આજ્ઞાબાહ્ય વિચારોની છાંટ નાખી એમનું પણ અહિત કરે. નહિ મરવાના શુદ્ધ આશયપૂર્વક ઝેર ખાનારો મર્યા વિના રહે ખરો ? દિલ્હી જવાના શુદ્ધ આશયથી મદ્રાસની ગાડીમાં બેસી જનારો દિલ્હી પહોંચે ખરો ?

બધી વાતનો સાર એ આવ્યો કે ગુરુપારતંત્ર્ય વિના સંસારનો ઉચ્છેદ શક્ય જ નથી. આ પારતંત્ર્ય નિરપવાદ જ હોવું જોઈએ. મનસ્વીતાનું નાનકડું બીજ પણ આરાધનાની ધરતીમાં ઊગવા દઈશું, ઊગતા એવા તેની ઉપેક્ષા કરીશું તો એક આવતી કાલ એવી જરૂર આવશે કે જ્યારે એ બીજ ફૂલતું-ફાલતું જઈને એ ધરતીને ચીરી નાખશે, બહાર નીકળી આવી સર્વત્ર ફેલાઈ જશે, હવે કુહાડાના ઘાના ઘા ભલેને મારો એ વિરાટકાય વૃક્ષ ઉપર, હાથ તૂટી જશે પરંતુ એ વિરાટકાય વૃક્ષ ખડખડાટ હસતું ઊભું જ રહેશે ! ત્યારે કઠોર હૈયાની ધરતીમાં જીવતા જ દટાઈ મરવું પડશે, સ્મશાનયાત્રા તો માત્ર ઔપચારિક બાબત હશે.

માન-મોટાઈ અને સત્તા-સંસ્થાને ખાતર ગુરુના પારતંત્ર્યને અભેરાઈ ઉપર ચડાવવું એ કેટલું બધું સંકુચિત અને ક્ષુદ્રાતિક્ષુદ્ર માનસની નીપજ છે. એ શાંતિથી વિચારે તો સર્વને અવશ્ય સમજાશે.

સ્વચ્છતાના છાંટણાથી રંગાઈને ગુરુના દોષોની વાત અહિં કરશોમાં ! શાસ્ત્રવચને, શાસ્ત્રસાપેક્ષ ગુરુ (અત્રે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી) એ આપણા માટે ભગવાન શ્રીહરિનું અપરસ્વરૂપ છે. એમના કાંકરી જેટલા દોષને વિચારવા કરતા અનંત ઉપકારોનાં મોટા મેરુને કેમન વિચારી શકાય ? કાંકરીને દેખનારો મેરુને શું નથી જોઈ શકતો ? એ ઉપકારોનાં મેરું આગળ દોષની કાંકરીનું દર્શન તદ્દન તુચ્છ બને છે. છતાં જો ગુરુના અલ્પદોષને વિચારીએ તો એ વિચાર આપણા વિકૃત માનસનું જ સૂચન કરે છે કે બીજું કાંઈ ?

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મુમુક્ષુ જીવાત્માઓને મંત્રદીક્ષા - ભાગવતી દીક્ષા આપી છે ? જો હા, તો આપણને કોઈ જ અધિકાર નથી એમના પ્રત્યે અંશતઃ પણ અસદ્ભાવ કેળવવાનો, એના કરતા કોઈનેય અંશતઃ પણ વધુ મહત્ત્વનું સ્થાન આપણા અંતરમાં આપવાનો.

ગુરુના સાક્ષાત્ અસીમ-અનંત ઉપકારોને જે સમજી પામી ન શકે તે ભગવાન શ્રીહરિના અસાક્ષાત્ અનંત ઉપકારોને શે સમજી શકશે, છતાં પોતે સમજ્યાની વાત કરે તો તે દાંભિક વાતો ન કહેવાય ? તેમનું ધ્યાન ધરવાનો યત્ન દંભ ન કહેવાય શું ?

ગુરુપરંપરા મજબુત કરવાની રુએ સર્વના હિતની દૃષ્ટિએ ગુરુના અનંત ઉપકારની દૃષ્ટિએ, પરલોકની દૃષ્ટિએ આપણી જો કોઈ ફરજ હોય તો એકજ છે - ગુરુને સમર્પિત થવા ખાતર બધુંજ કરી છૂટવું, જીવનનું ખાતર કરી નાખીએ તોય ખોટું નથી. કારણ....?

સાધુપદ એ ગુરુની વફાદારીનું પદ છે. એ પદ મેળવીને એનો દ્રોહ કદાપિ ન થઈ શકે, સમગ્ર વિશ્વનું આધિપત્ય પણ પગ નીચે ઠુકરાવવાની તાકાત સાધુપદમાં છે. ત્યાં બેસીને એ ગુરુપદને જ ઠુકરાવશું ? તુચ્છ પ્રલોભનો ખાતર ? રે ! કેવું આત્મઘાતી વલણ !

વડાના મહત્ત્વનો એક પ્રસંગ જણાવું.

મહારાણી એલિઝાબેથને તેના પતિ ડ્યુક સાથે ભારે ઝઘડો થયો. ડ્યુકને હાડોહાડ અપમાન લાગ્યું. એલિઝાબેથ તેને શાંત કરવા પ્રયત્ન કરે છે ત્યાં જ પાર્લામેન્ટની આજ્ઞા આવી કે હમણાં જ તમને બોલાવે છે. એલિઝાબેથે વિચાર કર્યો કે જો ડ્યુકના મનનું સમાધાન નહિ કરું તો કદાચ અપમાનિત ડ્યુક આત્મ હત્યા કરશે. પરંતુ હવે ગમે તે થાય, સર્વોપરી પાર્લામેન્ટ છે એની આજ્ઞા મારે શિરોધાર્ય કર્યે જ છૂટકો. મહારાણી એલિઝાબેથ તરત પાર્લામેન્ટમાં ગયા. ત્યાંનું કામ પતાવીને તરત ડ્યુકને આજ્ઞા કરી કે બ્રિટનની મહારાણી એલિઝાબેથ તમને હમણાં જ બોલાવે છે. ડ્યુકે વિચાર કર્યો : ‘‘બ્રિટનની મહારાણી પહેલા, મારી પત્ની તો પછી. તેઓ મને બોલાવે છે, આ સમયે મારે બીજો વિચાર ન કરી શકાય.'' ડ્યુક તરત પાર્લામેન્ટમાં ગયા. મહારાણીએ પૂછ્યુ : ‘‘શું તમારે તમારી પત્ની સાથે ઉગ્ર કલહ થયો છે ?'' ડ્યુકે હકારમાં માથું ધુણાવ્યું. ત્યારે મહારાણી બોલ્યા : ‘‘બ્રિટનની મહારાણી તમને આદેશ આપે છે કે તમે હમણાં જ તમારી પત્ની સાથે સુખદ સમાધાન કરી લો !'' અને પછી તરત ડ્યુકે મહારાણી - જે પોતાની પત્ની એલિઝાબેથ સાથે સમાધાન કરી લીધું.

આ પ્રસંગમાં વડાનું શાસન વડી વસ્તુ છે અને તેનું એને

કેટલું ગૌરવ છે તે જાણવા મળે છે. બ્રિટનની મહારાણીનું અનુશાસન જો આટલું ગૌરવવંતુ હોય અને તેની ખાતર બીજી બધી જ બાબતો ગૌણ બની જતી હોય તો જે સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્થાન ઉપર આરુઢ દક્ષિણ વિભાગ સંપ્રદાયના વડા પ.પૂ. આચાર્યજી મહારાજશ્રી ખાતર શું શું ગૌણ ન બની જાય ? પરલોકની 'સેફટી' ખાતર, સંપ્રદાયની વફાદારી ખાતર, જે કાંઈ મનગમતું જતું કરવું પડે તે બેધડક જતું કરી દેવું જોઈએ.

શ્રીજીમહારાજની સમાન (અપરસ્વરૂપ) ગુરુદેવનું સ્થાન સાપેક્ષતાએ જીવનમાં આકાર પામશે ત્યારે જ ભગવાન શ્રીહરિજીની વાસ્તવિક ઓળખાણ થઈ કહેવાશે. શ્રીજીમહારાજના અપરસ્વરૂપ સમા પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના ક્ષુલ્લક દોષોને લક્ષમાં લઈને એમની અવગણના કરવા જેવું ભયાનક પાપ શિષ્યમાં બીજું ક્યું સંભવી શકે ? પોતે દોષ બહુલ છતાં ગુરુના સામાન્ય દોષને મહત્ત્વ આપીને એમના તરફ અસદ્‌ભાવ કરવો એટલે ઉપકારીનો દ્રોહ ! તો તો તે ગઢડા પ્રથમના દસમા વચનામૃતના જે સેવકરામ તેમનો સાક્ષાત્ અવતાર કહેવાય.

આચાર્યપદ એ કાંઈ સાધારણ બાબત નથી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની અવિચ્છિન્ન પરંપરાને ટકાવી રાખનારું એ પદ છે. ભગવાન શ્રીહરિની કલ્યાણકારી વ્યવસ્થાની અંગભૂત એક વ્યવસ્થા છે, આથી જ પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીની પાછળ શ્રીજીમહારાજની યોજનાનું, ભાવનાનું, વ્યવસ્થાનું પ્રચંડ બળ છે. એટલે એમનો દ્રોહ તે ભગવાન શ્રીહરિના જ દ્રોહમાં પરિણમી જાય છે. પછી તે શ્રીજીમહારાજનો આરાધક નથી, અનારાધક પણ નથી. પરંતુ તે ભરપૂર વિરાધક છે.

સદૈવ રમાડો ગુરુના અનંત ઉપકારોને, આ સંસારને આંખ સામે લાવો; કેવા કેવા દુઃખોથી ખદબદી ઊઠ્યો છે, એમાંથી આપણને આબાદ ઉપાડી લેનારાનો ઉપકાર કેટલો ? આઈસટાઈનનું ગણિત પણ અહિં કામ નહિ કરી શકે હો ! ઉપકારના અનંત મેરુ નીચે કચડાયેલો આત્મ તુચ્છ ઐહિક સ્વાર્થ ખાતર ગુરુની અવગણના કરશે એમ? મન સ્તંત્ર બનશે એમ ? અને એ બધું કરશે તો શું માયા એ નાટક મૂંગી-મૂંગી જોયા કરશે એમ ? એમણે અનેકોના જીવન પીંખી નાખ્યા છે, અનેકોને અભડાવી નાખ્યા છે. એ અભડાયેલા આત્મને અરબસ્તાનનું બધુંય અત્તર ભેગું કરીને એમાં ઝબોવવામાં આવે તોય પછી એ આત્મા શુદ્ધ ન થાય.

શિલ્પીને એકજ પથ્થર મળ્યો હતો મૂર્તિ ઘડવા, અને એણે દશ લાખ ટાંકણામાંથી એકજ ટાંકણું અસ્થાને મારી દીધું ! મૂર્તિનો પથ્થર નકામો થઈ ગયો ! બધી મહેનત પાણીમાં ગઈ !

ગુરુની અવહેલના કરી, પરમોચ્ચ તત્ત્વની ઉપાસના પણ પલટાણી, પોતાના બળને અન્ય માર્ગે ખુમાર કરી, તદ્દન નિર્બળ બનીને સ્વચ્છતાની વાંકી લીટીએ ચાલીને દુર્ગતિની ખીણોમાં પટકાયા, જ્યાં તેમના હાડકા ય હાથ ન આવ્યા, પૂરા રામરમી ગયા.

ગુરુને અવગણીને આંખનું મટકું મારનાર પણ માયાની આંખે ચડી જાય છે. પ્રકૃતિની વિરુદ્ધ વર્તે છે. સમાજ એને મોટા પર્વતના મસ્તકે આરુઢ કરે તોય તે ત્યાંથી ગબડે છે અને પટકાય છે. વિષયવૃત્તિઓનો ભોગ બનીને જીવનને ફના કરે છે.

અંતર્યામી પ્રભુને પાર્થના કરતા કહીએ : "હે પ્રભો ! કોઈ વિશિષ્ટ શક્તિ ન મળે તો ભલે ન મળે, કશુંક લૂંટાઈ જવું હોય તો ભલે લૂંટાઈ જાય, ગમે તે થઈ જાય પણ અમારું મન કદીય ગુરુમાં મનુષ્ય બુદ્ધિ ન પરઠે. પળભર પણ એ શરણ્ય પ્રત્યે અશુભ ભાવ ન જન્મશો, ભલે દેહમાં શત શત રોગો એકી સાથે વ્યાપી જાય, હજારોની સભામાં ભલે ઉઘાડા અપમાન થઈ જાય, કોઈ કાર્ય કરતા ભલે કરુણ નિષ્ફળતા મળી જાય, તોય ગુરુનું શરણું કદી ન જજો, એની કાંકરી પણ ન ખરજો, ન હલજો, ન ચસકશો."

જે આ વાતને પામશે તે જ તરશે, તે જ નિર્મળ અને નિરહંકારી બની શકશે. તે જ વિશ્વમાં શાશ્વત ચમકારોઓ કરી શકશે, તે જ સ્વસ્થ બનીને અગણિત જીવોના કલ્યાણ સાધી શકશે.

બાકી તો સર્વત્ર આગ ચાંપશે, ધર્મના નામે પાપવાસનાઓની !

બાકીના તો બેવકુફી ભરી બુદ્ધિના ગુલામો છે, કે જેઓ સદા પોતાના અહંકારના નશામાં બેભાન બનીને મન ફાવે તેમ જંગલી આખલાની જેમ ગમે ત્યાં માથા મારે છે. અનેક ભાવુકાત્માઓના માથા ફોડે છે.

અંતે ઓ મારા પ્યારા ગુરુ ! તારું-મારું ભાવાત્મક ઐક્ય જ સર્વશ્રેયનું કારણ છે, ઓ શરણ્ય ! વહારે ધા શરણાગતની ! કદી ન વીસરીશ હો, તારા નિરાધાર બનનારા અપરાધી બાળકને !

તમને મળ્યા છે ને આ ગુરુ તો પછી મસ્તાન બનીને રહેજો જીવનમાં ! મનમાં ! રે વનમાં ! સદૈવ ભક્તિભરપૂર જીવન, બહુમાન પ્રચૂરમન અને ઉલ્લસિતમને ગુરુના ગુણોનું કવન ! આ વિચાર આપણો પ્રાણ આ ચિંતન જ સાધુજીવનનું ત્રાણ !

તો હવે બધું મળે પણ ગુરુ ન મળે તો આપણને ચાલશે ખરું ? ફાવશે ખરું ? નભશે ખરું ? ગમશે ખરું ?

# ગુરુઋણમાંથી મુક્ત થવાનો અવસર : ગુરુપૂર્ણિમા

સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી - સરધાર



'सम्पन्नोऽपि गुणैः सर्वैः
धर्मवंश्यो न चेत्तु यः ।
स गुरुर्नैव कर्तव्यः
संसृतेर्मुक्तिमिच्छिता ।।'

"સંસૃતિમાંથી છૂટવા માટે ધર્મવંશના આચાર્યને જ ગુરુ કરવા, પરંતુ તે વિના બીજા કોઈ તેવા ગુણોથી યુક્ત હોય તોપણ તેનો આશ્રય કરવો નહિ. જો મોક્ષની ઈચ્છા હોય તો."
(શ્રીમદ્ સત્સંગિજીવન)


અષાઢી પૂર્ણિમા 'વ્યાસપૂર્ણિમા' તરીકે પ્રસિદ્ધ છે. આ દિવસ ભગવાન વેદવ્યાસજીની સ્મૃતિરૂપે ઊજવવામાં આવે છે. કેમકે વ્યાસજી સમગ્ર હિન્દુ સમાજના સનાતન ગુરુ છે. તેમણે કરેલો વેદવિભાગ, એમણે રચેલાં પુરાણો અને મહાભારત જેવા ગ્રંથો અદ્‌ભૂત છે ! તેના દ્વારા ઈતિહાસ અને ભારતની ગૌરવશાળી કથાઓનો સંગ્રહ આજે પણ સચવાઈ રહ્યો છે, જે પ્રેરક છે અને જીવનરીતિનો દ્યોતક છે. આવા સમર્થ ગુરુની જયંતી નિમિત્તે આજના દિવસે તેઓને સ્મૃતિરૂપી અંજલી અર્પણ કરવામાં આવે છે. સંસ્કૃતિના જ્ઞાનકોષ સમા ગ્રંથોમાં તેમણે તમામ ઋષિઓના શુભ વિચારો સંકલિત કરી આપ્યા. આવા હિન્દુધર્મના પિતા સમાન વ્યાસજીએ શ્રેય અને પ્રેય બંને માર્ગે લોકોને સમન્વય સાધી આપ્યો છે. પશુ સમાન માનવ દેવત્વ પામે તેવાં રહસ્યો તેમણે તમામને માટે ખોલી આપ્યાં અને એ રીતે માનવજાતના **'આદિગુરુ'**નું બિરુદ પામ્યા.

જીવનમાં પ્રત્યેક ક્ષેત્રમાં ગુરુ વિના કોઈ જ સફળતા સંભવિત નથી. તો અધ્યાત્મ જેવી ગહન વિદ્યા તો ગુરુ વિના કેવી રીતે સંભવી શકે ? કાંતા-કનકના વંટોળિયામાં અસ્થિર બનીને ઊડ્યા કરે તેવાને સ્થિર બનાવે, જેનો ધ્યેય પરમાત્મા હોય, અને જે આપણને પણ પરમાત્મા સુધી પહોંચાડી શકે એ જ છે શ્રેષ્ઠ ગુરુ !

સમસ્ત ભારતવર્ષ પોતાના ગુરુનું પૂજન કરી શુભ પ્રેરણા મેળવે, ગુરુઋણ અદા કરવા પુરુષાર્થ કરે એ હિન્દુ પ્રણાલિકા છે. પણ સાચા ગુરુ તો એ છે કે જે અનંત ગુણોનો સાગર હોય, જે અજ્ઞાનના અંધકારમાંથી જીવને જ્ઞાનના પ્રકાશમાં લઈ જાય, જે ભગવાનનું પ્રગટ અપરસ્વરૂપ (જેમકે પ.પૂ.







આચાર્ય મહારાજશ્રી) હોય, અને જે દેહથી પર આત્મારૂપે હોય, આ ચારે વાત વ્યાસજીએ જ સમજાવી છે.

**ગુરુના પ્રકાર :**

ગુરુ એ છે કે જે શિષ્યને લઘુ ન રહેવા દે, લઘુત્વમાંથી ગુરુત્વમાં લઈ આવે, તુચ્છ ઈન્દ્રિય-ભોગોથી ઉપર ઉઠાવી નિર્વિકાર પરમ તત્ત્વ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણને પમાડી વિશ્રાંતી અપાવી દે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં દેશ-વિભાગ અને સંપ્રદાયના અન્ય ગ્રંથોમાં દૃષ્ટિ કરીએ તો જણાશે કે બંને આચાર્યશ્રીઓ જ સંપ્રદાયના ગુરુસ્થાને બિરાજે છે. તેઓ જ્યારે આશ્રિતજનોને ગુરુમંત્ર આપે છે ત્યારે તે જીવાત્મા મોક્ષનો અધિકારી બને છે. અને તે ગુરુમંત્ર વિના તો જીવાત્મા સંપ્રદાયનો આશ્રિત કહેવાને પણ યોગ્ય નથી. જ્યારે ગુરુમંત્ર મળે ત્યારે જ ભગવાન શ્રીહરિના અક્ષરધામની પ્રાપ્તિ આશ્રિતજનોને સુગમ બને છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ ગુરુમંત્ર આપવાનો અધિકાર માત્ર વડતાલ-અમદાવાદ દેશ વિભાગ ગાદીના બંને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલો છે.

આચાર્યશ્રી વિના જો ત્યાગી-બ્રહ્મચારી કે સંન્યાસી, ગૃહસ્થના ગુરુ થઈને ગુરુમંત્ર આપે તો શું થાય તેનો ઉલ્લેખ બ્રહ્મવૈવર્તપુરાણ કરતા ગ્રંથકાર કહે છે :-

"ત્યાગી, બ્રહ્મચારી કે સંન્યાસી જો ગૃહસ્થનાં ગુરુ થાય એટલે કે ગુરુમંત્ર કે દીક્ષા આપે તો કલ્યાણનાં માર્ગનાં બંનેનાં મોક્ષનાં બીજ નાશ પામી જાય છે. કારણ કે તેમની આ પદ્ધતિ વૈદિક સિદ્ધાંત મુજબ નથી."

(શ્રી બ્રહ્મવૈવર્તપુરાણ : અ.૮૩, શ્લો.૪૬)

તેથી જ શ્રીજીમહારાજે તેમના પવિત્ર ધર્મકુળમાંથી ગૃહસ્થને ત્યાગી-ગૃહીના ગુરુ બનાવી વૈદિક પરંપરા જાળવી છે.

જે મુમુક્ષુ જીવાત્માઓ આત્યંતિક કલ્યાણ ઈચ્છતા હોય તેમણે ગુરુ કોને કરવા તે માટે સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનમાં સદ્. શતાનંદ સ્વામી લખે છે:-

'सम्पन्नोऽपि गुणैः सर्वैः धर्मवंश्यो न चेत्तु यः ।

स गुरुर्नैव कर्तव्यः संसृतेर्मुक्तिमिच्छिता ।।'

"સંસૃતિમાંથી છૂટવા માટે ધર્મવંશના આચાર્યને જ ગુરુ કરવા, પરંતુ તે વિના બીજા કોઈ તેવા ગુણોથી યુક્ત હોય તોપણ તેનો આશ્રય કરવો નહિ. જો મોક્ષની ઈચ્છા હોય તો."

(શ્રીમદ્ સત્સંગિજીવન)

સંપ્રદાયના ગુરુસ્થાને ભગવાન શ્રીહરિએ પોતાના સ્થાને ધર્મકુળમાંથી સ્થાપન કરેલ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી જ છે, તેમની ગરિમા, તેમનો મહિમા, તેમના લક્ષણો, તેમના પ્રકારો વગેરે વગેરે સંપ્રદાયના શાસ્ત્રોમાં વર્ણવ્યા છે. તેમ છતાં અહિંયા ગુરુના પ્રકારો વિશે થોડું આપણે સમજીએ.

ગુરુ આઠ પ્રકારના હોય છે.

**૧) ચંદન ગુરુ** : ચંદનની જેમપોતે ઘસાઈને અર્થાત્ સત્કાર્યો માટે સ્વયં કષ્ટ સહન કરીને પણ શિષ્યોનું કલ્યાણ કરે છે.

**૨) વિચારપ્રધાન ગુરુ** : આવા ગુરુ શિષ્યોમાં સદ્‌વિચારોની સુવાસ પ્રસરાવે છે. પોતાના સત્સંગ-પ્રવચનો દ્વારા શિષ્યોને ઉત્તમ વિચાર પ્રદાન કરી સન્માર્ગ પર અગ્રસર કરે છે.

**૩) કરુણાપ્રધાન ગુરુ** : જેમ બાળક ભલે લૂલો હોય, લંગડો હોય, લોફર હોય, ગમે તેવો પરંતુ મા કરુણા કરીને એને અપનાવી લે છે. એવી જ રીતે શિષ્યની બુદ્ધિ ભલે મંદ હોય, એમાં યોગ્યતા ન હોય તો પણ કરુણા પ્રધાન ગુરુ એને ઉન્નત કરે છે.

**૪) સ્પર્શ ગુરુ** : આ પ્રકારના ગુરુ જ્યારે શિષ્યના માથા પર હાથ રાખે છે

અથવા એને સ્પર્શ કરે છે તો શિષ્યમાં એમની શક્તિનો સંચાર થઈ જાય છે. તેઓ એક પ્રકારે સંકલ્પ કરે છે અને શિષ્યના મન અને વિચારો બદલવા માંડે છે.

**૫) ચંદ્ર ગુરુ** : જેમ ચંદ્ર દૂર રહીને પણ ચંદ્રકાંત મણિને દ્રવીભૂત કરી દે છે અને શીતળતા પ્રદાન કરે છે એવી જ રીતે જે ગુરુની સાંનિધ્યમાં મન દ્રવિત થઈ જાય, અનુશાસિત થઈ જાય, ડાહ્યું-ડમરું બની જાય, થાક મટવા લાગે, હૃદય પુલકિત થઈ જાય તથા શિષ્યના જીવનમાં શીતળતા અને શાંતિનું સામ્રાજ્ય સ્થપાય જાય તેઓ ચંદ્ર ગુરુ કહેવાય છે.

**૬) કૂર્મ ગુરુ** : જેમ કાચબી દૃષ્ટિમાત્રથી પોતાનાં બાળકોનું પાલન-પોષણ કરે છે એવી જ રીતે કૂર્મ ગુરુ પોતાની કૃપા દૃષ્ટિમાત્રથી શિષ્યોમાં પ્રેમ, ભક્તિ, શક્તિ અને માધુર્યનો સંચાર કરી એમનું ઉત્થાન કરે છે.

**૭) દર્પણ ગુરુ** : તેઓ દર્પણની જેમશિષ્યોના આંતરિક દોષો જોઈ એમને દૂર કરવા માટે ઉપદેશ આપે છે.

**૧) ક્રૌંચ ગુરુ** : ક્રૌંચ (કુંજડા) પક્ષીની માદા પોતાના ઈંડાંથી છ-છ મહિના સુધી દૂર રહીને પણ સ્મરણમાત્રથી એનું પોષણ કરે છે એવી જ રીતે ક્રૌંચ ગુરુ સ્મરણમાત્રથી શિષ્યોનું કલ્યાણ કરે છે તથા એમના ઘડતરમાં સહાયભૂત થાય છે.

આપણા બહુ મોટા ભાગ્ય છે કે આપણને All in one - બધાં લક્ષણો એકમાં આવી જાય તેવા ગુરુ ભગવાન શ્રીહરિએ પોતાના સ્થાને ધર્મકુળમાં આચાર્યશ્રીની સ્થાપના કરી છે.

તેથી જ શ્રીહરિલીલા પ્રદીપમાં બતાવે છે :

'नान्याचार्यसमावेतौ विद्येते शुद्धमेधसौ ।
संयुक्तावागमप्रोक्तैः सर्वैराचार्य लक्षणैः ।।'

"શાસ્ત્રમાં કહેલા આચાર્યનાં લક્ષણોથી યુક્ત શુદ્ધ બુદ્ધિવાળા આ આચાર્યોની સમાન બીજા આચાર્યો નથી."

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.-૧૦, શ્લો.-૪૪)

સદ્. આધારાનંદ સ્વામી દ્વારા વિરચિત 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં ભગવાન શ્રીહરિ કહે છે : "પ્રગટ હરિનો નિશ્ચય હોય તો શુભ યોનિને પામે, પણ જન્મ-મરણથી છૂટે નહિ. જ્યારે હરિ જે રૂપે પ્રગટ હોય તેને પ્રગટ હરિ જાણવા, ફરીથી ભગવાન પ્રગટ થાય ત્યાં સુધી તે પ્રગટ કહેવાય છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૩, તરંગ-૧૫)

આજે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીરૂપી ગુરુમાં સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણ જ જીવોનું આત્યંતિક કલ્યાણ કરી રહ્યા છે. આ બ્રહ્માંડમાં યાવત્ ચંદ્રદિવાકરૌ સુધી ભગવાન શ્રીહરિને અખંડ પ્રગટ રાખવાનું શ્રેય ખુદ શ્રીજીમહારાજે પોતાના સ્થાને સ્થાપિત કરેલી આચાર્ય પરંપરાને ફાળે જાય છે. જેની નોંધ સદ્. શ્રી અચિંત્યાનંદ વર્ણી 'શ્રીહરિસંભવ મહાકાવ્ય'માં લેતા કહે છે :-

'स्थितिं गतौ यत्र सहान्वयेन, तावीश्वरस्तिष्ठति तत्र कृष्णः ।
ज्ञेयः समस्तेन तदीयवंशो, गतस्मयानां भवतां निषेव्यः ।।'

"ધર્મકુળમાં ઉત્પન્ન થયેલા જે આચાર્યો અને ભવિષ્યમાં થનારા તેમનાં અનુગામી આચાર્યોમાં ભક્તિ અને ધર્મ તેમનાં વંશની સાથે નિરંતર નિવાસ કરીને રહે છે અને તે આચાર્યોમાં સર્વનિયંતા એવો હું હરિકૃષ્ણ સ્વયં રહેલો છું. તેથી આ ધર્મવંશી આચાર્યો, ધર્મની જેમ જ વંદનિય છે. જેમણે અહંકાર છોડી દીધો છે એવા તમે જે સર્વે સાધુસમાજ તેમણે મારા તુલ્ય પૂજનીય છે."

સંપ્રદાયમાં આ આચાર્ય પરંપરા દ્વારા ભગવાન શ્રીહરિ આજે પ્રગટ પણે બિરાજમાન છે. સંપ્રદાય સનાતન સત્ય અને વૈદિક સિદ્ધાંત સભર છે એવું સ્પષ્ટપણે સમજાતું હોય તો એનું કારણ આ આચાર્ય પરંપરા છે. સંપ્રદાયના વિકાસનું મૂળ આ જ આચાર્ય પરંપરા છે. સદ્. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

'જ્યારે આવ્યું ધર્મનું કુળ રે, ત્યારે જામ્યું સત્સંગ મૂળ રે...'

આજે સંપ્રદાયમાં આનંદ-ઉલ્લાસ છે, લીલોપલ્લવ છે, વૈદિક પરંપરાના સિદ્ધાંત સભર છે, તેનું કારણ પૂરા સંપ્રદાયના ગુરુસ્થાને બિરાજમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીમાં શ્રીજીમહારાજ સાક્ષાત્ વિરાજે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનું મોટામાં મોટું કાર્ય કહો કે ભગવાન શ્રીહરિની વિશ્વને અને તેમાં પણ વિશેષે કરીને સંપ્રદાયને મોટી ભેટ કહો, તે છે આ દિવ્ય આચાર્યપરંપરા!!!

વચનામૃત વરતાલના ૧૮મા પ્રમાણે 'गुरुणां गुरुः' એવા પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના નિજસ્થાને બિરાજમાન, સદ્ધર્મ સંરક્ષણને અર્થે પ્રસ્થાપેલ વડતાલ-અમદાવાદ દેશ વિભાગના બંને ગાદીના પ.પૂ. આચાર્ય મહારાજશ્રીઓના શ્રીચરણોમાં પવિત્ર ગુરુપૂર્ણિમાના દિવસે **કોટિ કોટિ વંદન...**

શિષ્યના જીવનનાં યોગ અને ક્ષેમનું વહન કરનારાં વિરલ ગુરુદેવને કૃતજ્ઞતાપૂર્વક પૂજન-અર્ચન-વંદના કરવાનું પર્વ એટલે

# ગુરુપૂર્ણિમા - અષાઢ સુદ - ૧૫

સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર



"જીવનમાં સાંકડું હિત કરનારને પણ વ્યક્તિ અહોભાવથી જોતો હોય છે. તો જેણે ત્રિવિધિ તાપ ટાળી ભવસાગરમાં ડૂબતાં બચાવી મોક્ષ તટે પહોંચાડી દીધા હોય તેવા પરમહિતકારી ગુરુ માટે તો આયખું ઓવારી દેવાનો ભાવ કેમન જાગે !! આવા ગુરુને પૂજીને વંદીને વધાવીને ગુરુની પ્રસન્નતાની પ્રતીક્ષા કરોડો ભારતીયો, હિંદુઓ ગુરુપૂર્ણિમાનાં દિવસે કરે છે. આપણે પણ આવી પ્રતીક્ષા કરતાં હોઈશું. તો વાટ શાની જુઓ છો ! ચાલો આપણે સહુ શિષ્યો સાથે મળીને આપણાં ગુરુવર્ય (પ.પૂ. આચાર્ય મહારાજશ્રી)ને વધાવીએ."

આદિ ગુરુ વેદવ્યાસજીની પુણ્ય સ્મૃતિમાં તેમનાં પ્રાગટ્ય દિન તરીકે ઉજવાતું ગુરુપૂર્ણિમા પર્વ પ્રત્યેક હિંદુનાં હૃદયમાં અનોખાં આંદોલનો જગાવે છે.

ગુરુપૂર્ણિમા,....

ૠણાભિવ્યક્તિનો સપરમો દિવસ ! આજે હજારો મસ્તક ઝૂકી પડવા માટે થનગની રહ્યાં છે, આજે હજારો હથેળીઓ જોડાઈ જઈને વંદન કરવા તત્પર બની ગઈ છે., આજે હજારો આંખો મટકવું ને ભટકવું છોડીને દર્શન માટે આતુર બની રહે છે., આજે હજારો ચરણ ઢળી પડવા માટે તૈયાર થઈને ઉભા છે.

કારણ કે આજે ચરણોને સાચી દિશા ચીંધનારને વધાવવાનો, પૂજન કરવાનો દિવસ છે.

હા, તમારૂં અનુમાન સત્ય છે, આજે ગુરૂપૂર્ણિમાનો દિવસ છે.

આ દુનિયામાં પાણીનો પ્યાલો પાનારને પણ જો 'થેન્ક યુ' કહી આભાર માનવાનો શિષ્ટાચાર હોય તો જીવનને સદ્‌ગુણોથી સભર કરનારનો આભાર તો માનવો જ પડે ને !

સદ્. બ્રહ્માનંદ સ્વામી કહે છે :-

'ભવવારિધિ કે પૂર બહ જાતે કાઢે ગ્રહિ, તુરત ઉતારે તીર પીર સબ જારી હૈ;
કહત હૈ બ્રહ્માનંદ હમ તો વિચારી દેખ્યો, જગમેં ન કોઉ ગુરુ જૈસો હિતકારી હૈ.'

જીવનમાં સાંકડું હિત કરનારને પણ વ્યક્તિ અહોભાવથી જોતો હોય છે. તો જેણે ત્રિવિધિ તાપ ટાળી ભવસાગરમાં ડૂબતાં બચાવી મોક્ષ તટે પહોંચાડી દીધા હોય તેવા પરમહિતકારી ગુરુ માટે તો આયખું





ઓવારી દેવાનો ભાવ કેમન જાગે!!

આવા ગુરુને પૂજીને વંદીને વધાવીને ગુરુની પ્રસન્નતાની પ્રતીક્ષા કરોડો ભારતીયો, હિંદુઓ ગુરુપૂર્ણિમાનાં દિવસે કરે છે. આપણે પણ આવી પ્રતીક્ષા કરતાં હોઈશું. તો વાટ શાની જુઓ છો! ચાલો આપણે સહુ ગુરુબંધુઓ સાથે મળીને આપણાં ગુરુવર્યને વધાવીએ.

હિન્દુ સંસ્કૃતિમાં ત્રણ ગુરુની પ્રાપ્તિ આપણને થઈ છે અને એ ત્રણે ગુરુનાં આશ્રય વગર મોક્ષ શકય જ નથી. (૧) જ્ઞાન બ્રહ્મ (૨) નાદ બ્રહ્મ અને (૩) પરબ્રહ્મ....

**૧. જ્ઞાન બ્રહ્મ :** એટલે ભવસાગરમાં ગોથાં ખાતાં જીવાત્માને પોતાનાં આત્મ સ્વરૂપનું તથા પરમાત્માનું જ્ઞાન આપી મોક્ષમાર્ગે ચઢાવનાર વ્યક્તિને હિન્દુ સંસ્કૃતિએ ગુરુ તરીકે સ્વીકાર્યા છે જેને જ્ઞાનગુરુ અથવા જ્ઞાનના આશ્રયસ્થાન રૂપ હોવાથી જ્ઞાનબ્રહ્મ કહેવાય છે.

**૨. નાદ બ્રહ્મ :** હવે જીવાત્માને પોતાનાં સ્વરૂપનું તથા પરમાત્માનાં સ્વરૂપનું જ્ઞાન તો થઈ ચૂકયું છે પરંતુ પ્રશ્ન એ થાય કે તેને મોક્ષ મેળવવા માટે પરમાત્માના કયા સ્વરૂપનો આશ્રય કરવો ? ક્યા મંત્રનો જપ કરવો ? કયા સ્વરૂપનું ધ્યાન કરવું ?

તો આ પ્રશ્નનો ઉકેલ મેળવવા કોઈક સંપ્રદાયને અનુસરવું જ પડે, અને હિન્દુ શાસ્ત્રોને મતે તથા વેદોકત રીતે મોક્ષ તો જ થાય; જો કોઈ એક સંપ્રદાયને અનુસરીને એક જ મૂર્તિ, એક જ મંત્ર અને એક જ સ્વરૂપનો આશ્રય કરે. તો, જે વ્યક્તિ આપણને પૂજવા માટે પરમાત્માની મૂર્તિ આપે, જપ કરવા માટે મંત્ર આપે અને મંત્ર આપીને આપણને પરમાત્માના સંબંધના પ્રતીક રૂપે કંઠી, જનોઈ વગેરે પંચ સંસ્કારથી દીક્ષિત કરે (જેને વૈષ્ણવ સમ્પ્રદાયમાં બ્રહ્મસંબંધ આપનાર પણ કહેવામાં આવે છે.) તે વ્યક્તિને પણ હિન્દુ સંસ્કૃતિમાં ગુરુ તરીકે સ્વીકાર્યા છે. તેને મંત્રગુરુ અથવા મોક્ષબીજ રૂપ નાદબ્રહ્મના આશ્રયસ્થાન હોવાથી નાદબ્રહ્મ કહેવાય છે.

**૩. પરબ્રહ્મ :** જે પરમાત્માનું અનાદિસ્વરૂપ છે. મંત્રનો જપ કરી, મૂર્તિનું ધ્યાન કરી આપણે જેને પામવાનાં છે તે પરમગુરુ પરમાત્મા. જેને પરબ્રહ્મ કહેવાય છે.

**સહજાનન્દ ગુરું ભજે સદા,....**

પરમ ગુરુ એવા સહજાનંદ સ્વામી એટલે કે આપણાં સૌ કોઈનાં આરાધ્ય, ધ્યેય, પ્રાપ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ...

તો આપણને કોઈને કોઈ વ્યક્તિ, કોઈ હરિભક્ત કે સંત દ્વારા આપણાં જીવનને ઉપયોગી એવી વાત મળી હશે કે જેનાથી આપણાં હૃદયમાં પરમાત્માને પામવાની તાલાવેલી જાગી હશે. જેના માધ્યમથી આપણે પરમાત્માનો આશ્રય કર્યો હશે, તિલક ચાંદલો, કંઠી આદિક સામ્પ્રદાયિક ચિહ્નો ધારણ કર્યા હશે. તેને આપણે ગુરુ તરીકે સ્વીકાર્યા હશે જેને આપણે **જ્ઞાનગુરુ** (જ્ઞાન આપ્યું માટે) કહીએ છીએ.

પરમાત્મા સત્ય છે જગત મિથ્યા છે, ભગવાનનો આશ્રય કરવાથી જ મોક્ષ થશે એવું જ્ઞાન થયાં પછી આપણે એવા ગુરુને પ્રાપ્ત કર્યા હશે. જેમણે આપણને ધ્યાન પૂજન કરવા પરમાત્માનું પ્રતિષ્ઠિત સ્વરૂપ આપ્યું હશે તથા આપણાં કાનમાં પરમાત્માનાં સંબંધના પ્રતિક રૂપે એક મંત્ર આપી આપણને મંત્રદીક્ષા આપી હશે. જેને બ્રહ્મ સંબંધ પણ કહી શકાય. તો તેમને પણ આપણે ગુરુ તરીકે સ્વીકારીએ છીએ. આ **મંત્રપ્રદાતા-ગુરુ**નું સ્થાન પ્રથમનાં ગુરુ કરતાં સવિશેષ ઉંચું છે.

અને ગુરુએ આપેલ મૂર્તિ અને મંત્રના આશ્રય વડે આપણે જેને પામવાનાં છે એવા પરબ્રહ્મ **ગુરુણાં ગુરુઃ** પરમાત્મા તો ગુરુઓનાં પણ ગુરુ **પરમગુરુ** છે.

તો આપણે આ ત્રણે પ્રકારનાં ગુરુની વિગત જોઈ, હવે તેમાંથી આપણે કોઈપણ એકનો આશ્રય છોડી મોક્ષને ઈચ્છીએ તો તે આપણી કેવી મૂર્ખામી ગણાય તેનો વિચાર કરીએ; કારણ કે જો આપણે જ્ઞાનબ્રહ્મ (જ્ઞાનગુરુ) ને છોડીને બીજા બે ગુરુ નાદબ્રહ્મ -

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આચાર્ય અને ગુરુ

સાધુ ધર્મવલ્લભદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



"દીક્ષામંત્ર-ગુરુમંત્ર લીધા સિવાય આપણે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલ સંપ્રદાયના આશ્રિત દીક્ષિત કહેવાઈએ નહિ. અને જ્યાં સુધી ભગવાન શ્રીહરિના આશ્રિત ન ગણાઈએ ત્યાં સુધી આપણા આત્યંતિક કલ્યાણની જવાબદારી શ્રીજીમહારાજ સ્વીકારતા નથી. દરેક મુમુક્ષુજનોના ગુરુ જુદી જુદી વ્યક્તિ હોઈ શકે, પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રીહરિએ ધર્મકુળમાંથી પોતાના સ્થાને પ્રસ્થાપેલ બે દેશ ગાદીના બને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીઓ જ ગુરુ હોઈ શકે છે."

સંપ્રદાયના આશ્રિતમાત્રના ગુરુ તરીકે ત્યાગી અથવા ગૃહસ્થ હોઈ શકે છે. આ જીવને સત્ય જ્ઞાન આપી પરમાત્માના માર્ગે વાળનાર વ્યક્તિ ગુરુ તરીકે ઓળખાય છે. સાચા ગુરુનું અગત્યનું લક્ષણ એ છે કે, મુમુક્ષુ જીવાત્માઓને પોતાના તરફ નહિ પણ પરમાત્માની તરફ વાળવા. જ્યારે કોઈ વ્યક્તિ મુમુક્ષુને પરમાત્મા તરફ નહિ, પણ પોતાના તરફ વાળે છે ત્યારે આવા ગુરુ અને શિષ્ય બંને અધોગતિની ખીણમાં ધકેલાઈ જાય છે. સાચા ગુરુનું કાર્ય માત્ર ગોવિંદનો ભેટો કરાવી આપવાનું છે. પરંતુ પોતાનામાં જ વળગાડી રાખવાનું નથી. ગુરુ પોતે જેની ઉપાસના કરીને ગુરુપણાનું બળ પામ્યા હોય તેનો ભેટો મુમુક્ષુ જીવાત્માઓને કરાવી આપે છે.

સંપ્રદાયના આશ્રિતમાત્રે શ્રીજીમહારાજે બાંધેલ મર્યાદા પંચવર્તમાનનું અવશ્યપણે પાલન કરવું જોઈએ. મુમુક્ષુજનો આ પંચવર્તમાન પોતે પાળશે તેવી પ્રતિજ્ઞા, આજ્ઞાપાલનમાં ખબડદાર વર્તતા હોય, તેવા કોઈપણ ત્યાગીજનની અથવા ગૃહસ્થ હરિભક્ત સમક્ષ લઈ શકે છે. થોડો સમય વિત્યા બાદ જો આવી પ્રતિજ્ઞા લેવડાવનાર વ્યક્તિને એમખાતરી થાય કે, હવે આ મુમુક્ષુજન આ પંચવર્તમાનનું શિરસાટે પાલન કરશે. તો આ મુમુક્ષુને તે સંપ્રદાયના આચાર્યશ્રી પાસે લાવે છે અને તેઓશ્રીની પાસે તે મુમુક્ષુને દીક્ષામંત્ર પ્રદાન કરાવડાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ દીક્ષામંત્ર માત્ર સંપ્રદાયના આચાર્યશ્રી જ પ્રદાન કરી શકે છે. તે સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ, ગમે તેવી મોટી કહેવડાવતી હોય તો પણ તે દીક્ષામંત્ર પ્રદાન કરી શકતી નથી અને જો કદાચિત કરે તો તે બિલકુલ ફળદાયી બને નહિ, પરંતુ તે દીક્ષામંત્ર લેનાર અને આપનાર બંને અધોગતિને પામે છે.

આવો દીક્ષામંત્ર-ગુરુમંત્ર લીધા સિવાય આપણે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલ સંપ્રદાયના આશ્રિત દીક્ષિત કહેવાઈએ નહિ. અને જ્યાં સુધી ભગવાન શ્રીહરિના આશ્રિત-દીક્ષિત



ન ગણાઈએ ત્યાં સુધી આપણા આત્યંતિક કલ્યાણની જવાબદારી શ્રીજીમહારાજ સ્વીકારતા નથી. દરેક મુમુક્ષુજનોના ગુરુ, જુદી જુદી વ્યક્તિ હોઈ શકે, પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રીહરિએ ધર્મકુળમાંથી પોતાના સ્થાને પ્રસ્થાપેલ બે દેશ ગાદીના બંને આચાર્યશ્રીઓ જ ગુરુ હોઈ શકે છે.

મુમુક્ષુ જીવાત્માઓને ગુરુની જરૂર માત્ર એટલી છે કે તેમના વડે ભગવાનને તે ઓળખી શકે. પરંતુ હકીકતમાં આપણે ભગવાનને પડતા મૂકીને ગુરુ પાછળ ઘેલા થઈએ છીએ. નરસિંહ મહેતા ચુસ્ત શિવભક્ત હતા. શિવજીએ પ્રસન્ન થઈને જ્યારે ઈચ્છિત વર માગવાં કહ્યું. ત્યારે નરસિંહ મહેતાએ કલ્યાણ માગ્યું. શિવજીએ નરસિંહ મહેતાને વૃંદાવનમાં ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલાના દર્શન કરાવ્યાં. ત્યાર પછી મહેતાજીએ પણ શિવજીને છોડીને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીની ભક્તિ કરી છે, તેમના જ લીલાચરિત્રોનું ગાન કર્યું છે. આમ, દેવોના દેવ મહાદેવ શિવજી ભગવાન જેવા હોવા છતાં પણ ભગવાનને બતાવનાર આ ગુરુનો ત્યાગ કરીને ભગવાનનું ભજન કરવું એ મહત્ત્વનું લક્ષણ છે.

શ્રીજીમહારાજ સમકાલીન હજારો નંદસંતો હતા. આચરણ અને ભગવાન શ્રીહરિના બળને લઈને તે દરેક નંદસંતો, એક એક અવતાર જેટલું કાર્ય કરવાને સમર્થ હતા. તેમ છતાં તેઓ સર્વે મુમુક્ષુ જીવાત્માઓને પંચવર્તમાન ધરાવતા પણ દીક્ષામંત્ર-ગુરુમંત્ર અપાવવા માટે તો શ્રીજીમહારાજની પાસે અથવા આચાર્યશ્રીની પાસે જ તે મુમુક્ષુઓને લઈ આવતા. ગુરુ શબ્દ શિક્ષાપત્રીમાં શ્લોક-૩૫, ૩૭, ૪૧, ૬૯, ૭૦ વગેરે શ્લોકમાં વાપરેલ છે. સદ્. શતાનંદ સ્વામી શિક્ષાપત્રી ભાષ્યમાં આ શ્લોકોનું વિવેચન કરતા જણાવે છે :-

શ્લોક-૩૫માં 'ગુરુણાં' એટલે કે 'આચાર્યાદીનામ્'નો સમાવેશ થાય, શ્લોક-૩૭માં 'ગુરુઃ' એટલે કે 'સ્વસ્ય શ્રીકૃષ્ણમંત્રોપદેષ્ટા સ ચ' નો સમાવેશ થાય.શ્લોક-૬૯ અને ૭૦માં 'ગુરુ' એટલે કે 'મંત્રોપદેષ્ટા ચ' નો સમાવેશ થાય, શ્લોક-૪૧માં 'ગુરોઃ' એટલે કે 'ગુરુપદસ્થધર્મવંશ્ય બ્રાહ્મણાત્સકાશાત્' નો સમાવેશ થાય છે.

આમ, શિક્ષાપત્રીમાં જ્યાં જ્યાં 'ગુરુ' શબ્દ વાપર્યો છે ત્યાં ત્યાં તેના અર્થમાં ધર્મવંશી આચાર્યનો પણ મુખ્યત્વે સમાવેશ થઈ જાય છે, તેમ સદ્. શતાનંદ સ્વામી શિક્ષાપત્રી ભાષ્યમાં જણાવે છે. શિક્ષાપત્રીમાં શ્લોક-૩૫, ૩૭, ૬૯, ૭૦ વગેરે શ્લોકમાં ગુરુની સાથે કેમ વર્તવું, તેમનું સન્માન કેવી રીતે કરવું



ઈત્યાદિક જણાવેલ છે. શિક્ષાપત્રી શ્લોક-૪૧માં ભગવાન સહજાનંદ સ્વામી કહે છે :- '...ધર્મવંશી ગુરુથકી શ્રીકૃ દીક્ષાને પામ્યા...' અર્થાત્ ધર્મવંશી આચાર્ય જ સાચા ગણાય. શિક્ષાપત્રી શ્લોક-૭૧ અને શ્લોક-૭૨માં સંપ્રદા આચાર્યશ્રી માટે જ વાપરેલા છે. એ નોંધવું ઘટે કે સંપ્રદા આચાર્યશ્રી આશ્રિત-દીક્ષિત માત્રના ગુરુ પણ છે. અ આચાર્યશ્રી ગુરુ છે, પરંતુ દરેક ગુરુ આચાર્ય નથી. સંપ્રદા પરિભાષા પ્રમાણે શિક્ષાપત્રી શ્લોક-૩૫, ૩૭, ૬૯ અને આચાર્યશ્રીને માટે પણ છે. પણ શિક્ષાપત્રી શ્લોક-૭૧, માત્ર આચાર્યશ્રી માટે જ છે, ગુરુ અર્થે નથી. આ હે શિક્ષાપત્રીમાં ગુરુ અને આચાર્ય શબ્દ સર્વત્ર એક બીજ પર્યાયવાચક શબ્દો નિરૂપણ કરેલા નથી.

શ્રીજીમહારાજના સ્વધામગમન પછી શિક્ષાપત્ર આજ્ઞા-વાણીને જ ભગવાન શ્રીહરિનું સ્વરૂપ સમજીને પ્રમાણે વર્તવું તેવી ભગવાન શ્રીહરિની આજ્ઞા છે. નિષ્કુળાનંદ સ્વામી ભગવાન શ્રીહરિના શબ્દોને પોત કાવ્યમાં કંડારતા કહે છે :-

'વળી ધર્મવંશી દ્વિજ ધીર રે, અવધપ્રસાદ ને રઘુવીર રે.
એહ દત્તપુત્ર છે અમારા રે, તેને કર્યા છે ગુરુ તમારા રે.
તેને માનજ્યો તમે સુજાણ રે, રહેજ્યો શિક્ષાપત્રીને પ્રમાણ

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રી શ્લોક-૧૨ પણ જણાવે છે :- "...સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થા કર્યા એવા જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર..." અર્થાત્ કળિકાળમાં આપણે મુમુક્ષુ જીવાત્માઓને ગુરુ શોધવા જવ જરૂર નથી. આપણને તો શ્રીજીમહારાજે સાક્ષાત્ ગુરુ શો આપ્યા છે, તેમનું શરણ ગ્રહણ કરવું એ જ આપણું કર્તવ્ય જોઈએ.

('ધર્મવંશી આચાર્યપદ'માંથી સંકલિત)



'જગદેવ ગુરુઃ ગુરુદેવ જગત।' આમજોઈએ તો આ સૂત્ર બહુ સરળ લાગે છે. પરંતુ એમાં જીવ, જગત અને પરમાત્માનું જ ગૂઢાતીત રહસ્ય છે તેને આ નાનકડું સૂત્ર અનેક કોયડાઓની ચાવીરૂપ હોય એમલાગે છે. એ સૂત્ર કહે છે - આ સમગ વિશ્વ ગુરુ તત્ત્વની આચ્છાદિત છે, એનાથી આવૃત્ત છે. ગુરુકૃપાથી જ આ સૃષ્ટિ છે અને આ સમગ સૃષ્ટિ ગુરુમય છે."

# તસ્મૈ શ્રી ગુરવે નમઃ - ગુરુપૂર્ણિમા

પાર્ષદ રસિક ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આજે માણસ મહાસાગરોના તલ-અતલમાં ઘૂમી વળ્યો છે. પૃથ્વીના તલ-પાતાલમાં પણ ફરી વળ્યો છે ને અસીમ-આકાશ-અવકાશની સફરે એ જઈ પહોંચ્યો છે. માણસ ભૌતિક સિદ્ધિઓના શિખરે જઈને મુસ્તાક બની તો ગયો છે. માણસ ખરેખર બધું જ કંઈ જાણતો થયો ને છતાં અચરજની વાત એ રહી છે કે એ હજુ સુધી પોતાને જાણી શક્યો નથી. એ પોતાના અંતરનાં ઊંડાણને સ્પર્શી શક્યો નથી. એ પોતાને જ ચલાયમાન કરનારી અજ્ઞાત શક્તિને પૂર્ણપણે પિછાણી શક્યો નથી. પોતાને આ અખૂટ સિદ્ધિઓનું પ્રદાન કરનાર તત્ત્વને એ જાણી કે પામી શક્યો નથી. ચૈતન્ય એની પાસે આ બધું કરાવે છે ? એનામાં આ અખૂટ શક્તિઓ ઝરો ક્યાંથી વહે છે ? જીવમાત્રમાં જે ક્રિયાશીલમતત્ત્વ છે તેને પલાયમાન કરનારું નિગૂઢ તત્ત્વ એ શું છે ? માણસે આ તત્ત્વ વિશે ખૂબ વાંચ્યું છે, એણે એ વિશે ખૂબ સાંભળ્યું છે.

પરંતુ એનો એની પાસે કોઈ અનુભવ નથી. એ તો પોતાનો એને સ્પર્શ નથી. ભૌતિક જગત પર પોતાનું આધિપત્ય જમાવવા મથામણ કરી રહેલો આજનો માનવ પોતાની પ્રકૃતિને નાથી શક્યો નથી કે પોતાની પ્રકૃતિનું એ રૂપાંતર કરી શક્યો નથી. અને એટલે જ માનવ બધું હોવા છતાં એ હજુ ઘણો ઘણો અપૂર્ણ છે.

કોઈ કોઈ માણસમાં આ બધું જાણવાની ને પામવાની જિજ્ઞાસા જાગે છે ખરી. ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર ભગવદ્ ગીતામાં તો સ્પષ્ટપણે કહે છે :-

'बहुनां जन्मजन्मांते ज्ञानवामां प्रपद्यते ।'

જ્ઞાની પુરુષને પણ અનેક જન્મોના દુર્ગમપહાડો ઓળંગ્યા પછી આવું કંઈક પામવાને તે પાત્ર બને



છે ખરો. એટલે એના અનેક જન્મોમાં રઝળી-રઝળીને આ છેતરામણી ભૂલ-ભૂલામણીમાંથી બહાર નીકળીને એ સંસારના અનેકાનેક કષ્ટો અને પરિતાપને સહન કરતાં કરતાં એ માત્ર ક્યારેય જ પાત્ર બને છે.

પરંતુ સમર્થ ગુરુ પળવારમાં આમકરી શકે તેમછે. પામરમાં પામર જીવ પર પણ જો સમર્થ ગુરુની એક જ વાર કૃપાદૃષ્ટિ પડી જાય છે ત્યારે ક્ષણવારમાં એ જ પામર જીવાત્મા મહાપદને પણ પામી શકે છે.

ભાવ ઉપનિષદમાં ગુરુ વિશે એક ખૂબ સુંદર સૂત્ર આપવામાં આવ્યું છે :

'जगदेव गुरुः गुरुदेव जगत।' આમ જોઈએ તો આ સૂત્ર બહુ સરળ લાગે છે. પરંતુ એમાં જીવ, જગત અને પરમાત્માનું જ ગૂઢાતીત રહસ્ય છે તેને આ નાનકડું સૂત્ર અનેક કોયડાઓની ચાવીરૂપ હોય એમ લાગે છે. એ સૂત્ર કહે છે - આ સમગ્ર વિશ્વ ગુરુ તત્ત્વની આચ્છાદિત છે, એનાથી આવૃત્ત છે. ગુરુકૃપાથી જ આ સૃષ્ટિ છે અને આ સમગ્ર સૃષ્ટિ ગુરુમય છે. એક શ્લોકમાં પણ કહ્યું છે :-

'स्थावरं जंगमं चैव तथा चैव चराचरम
व्याप्तं येन जगत्सर्वं तस्मै श्री गुरवे नमः।'

આ સચરાચર સૃષ્ટિમાં ગુરુતત્ત્વ વ્યાપ્ત થે. અખિલ વિશ્વને એ ચલાયમાન કરનારી શક્તિ છે. એ જ ચિદાત્મચૈતન્ય બ્રહ્મસ્વરૂપ છે અને એ જ સર્વ જીવમાત્રમાં પણ ચૈતન્યરૂપે વિલસી રહેલું છે. એ જ જીવમાત્રને ચલાયમાન કરનારી શક્તિ છે.

પણ અવિદ્યાનો અચંળો એટલે મનુષ્ય જન્મ લેતાં જ જ્યાં ત્યાં પોતાના અહંકારને જ વિસ્તારતો ફરે છે. એ સર્વમાં પોતાના 'હું' પણાને પોતાની મર્યાદિત બુદ્ધિના બળથી ચકાસી રહેલો છે. પોતાના જીવને એક નિર્જીવ ટેવોની શુષ્ક રણરેતી પર ચલાવવા હરહંમેશ એ મથામણ કરતો રહ્યો છે.

ગામના પાદરે વહેતી નદીમાં નાનકડા શંકરે એકાએક બૂમમારી : "મા ! મને મગરે પડક્યો છે." કાંઠે બેઠેલી એની માએ કારુણ્યભાવથી એકદમ પૂછ્યું : "બેટા ! હું શું કરું, જેથી તું આ મગરની પકડમાંથી બચી જાય." ત્યારે નાનકડા શંકરે કહ્યું : "મા, મને સંન્યાસ લેવાની હા પાડો તો મગર મને છોડે તેમછે !" અને માએ જેવી હા પાડી કે તરત જ એ શંકર સીધો નર્મદાકાંઠે જઈ ચડ્યો. ત્યાં એ એક ગુફા પાસે જઈને મંત્રોચ્ચાર કરવા માંડ્યા. ગુફામાંથી અવાજ આવ્યો કે 'કોણ છે ?' અને એના પ્રત્યુત્તરમાં યુવાન શંકરે કહ્યું : "આપનું જ પ્રતિબિંબ."

ગુફામાં ધ્યાનમાં બેઠેલા શ્રી ગૌડપદાચાર્યજીએ ફરી પૂછ્યું : "તો અહીં શા માટે આવ્યો છે ?" ત્યારે શંકરે ખૂબ દઢતાપૂર્વક કહ્યું : "જો એ હું જાણતો જ હોત કે 'હું કોણ છું' તો પછી અહીં આવત જ શા માટે ?"

અને ગુરુદેવ શ્રી ગૌડપદાચાર્યજીની કૃપાદૃષ્ટિથી આ યુવાન શંકર સમસ્ત જગત પર એક તેજસ્વી તારકની જેમછવાઈ ગયો ને જગતગુરુ શ્રી શંકરાચાર્યનો એનામાંથી જ આવિર્ભાવ થયો.

સંસારની આ મગર જેવી જમદૂત પકડમાંથી મુક્ત થવા જીવને જ્યાં સુધી તાલાવેલી જાગતી નથી ત્યાં સુધી આ બધું એકાએક સમજાતું નથી. જેને જીવનની એક પળ પણ ગુરુ વિના બેચેન બનાવી મૂકે એની સ્થિતિ બને ત્યારે જ એના અજ્ઞાતમાં રહેલા સદ્ગુરુ એનો હાથ પકડે છે. અને હાથ પકડે છે ત્યારે એને કદી છોડતા પણ નથી.

જેમનું માત્ર એક જ વાક્ય એક જ મંત્ર - એક જ કૃપાદૃષ્ટિ એક જ સ્પર્શ સાધારણ મનુષ્ય પર પડે છે ત્યારે બ્રહ્માનંદનો અધિકારી બની જાય છે. એ સિદ્ધગુણતત્ત્વ સર્વ ગુરુઓમાં વ્યાપેલું છે. એ જ ગુરુઓના ય ગુરુ સહજાનંદ સ્વામી સમસ્ત સંસારના મોહ, તાપ, દુઃખ અને અંધકારમાંથી બહાર ખેંચી લે છે.

શ્રી ગોરખનાથે ગુરુત્દત્તાત્રેયની અચ્યુત સ્થિતિનું પૂરેપુરું રહસ્ય જાણેલું. અને એથી જ તેઓ ગુરુદત્તની કૃપાથી મહાસિદ્ધ અવસ્થાને પામેલા. આમતો ભગવાન શ્રી ગુરુદત્તે પણ ગુરુ કરેલા. જગતના જીવોને એ બતાવવા કે 'ગુરુ ગમિખૂલૈ બ્રહ્મકપાટ' ગુરુ વગર દરવાજા આપણી સમક્ષ ખૂલી શક્તા નથી.

ગુરુકૃપા આપણ આ પૃથ્વી પર અખંડ વહેતી રહેલી છે. એકમાત્ર આપણે એ પરમપદ પ્રત્યે ખુલ્લાં થતાં જવાનું છે. હૃદયમાંથી આ બધું પામવાને માટેના એક આર્તસ્વર - એક તીવ્ર અભીપ્સાને જ જગાડવાની રહે છે. એમની કલ્યાણકારી દૃષ્ટિને કારણે જ આ સમગ્ર વિશ્વનો વિકાસ થતો રહ્યો છે. માત્ર મનુષ્યો જ નહિ પણ આપણે ત્યાં અવતાર લેતા ખુદ ભગવાનના અવતારો, ઈશ્વરો, દેવો, સિદ્ધો, ગાંધર્વો, રાજા-મહારાજાઓ સર્વ કોઈ ઉત્થાનને પામ્યા હોય, એ પરમગતિને પામ્યા હોય તો તે એકમાત્ર ગુરુકૃપાને કારણે જ. એકમાત્ર ગુરુકૃપાને કારણે વ્યક્તિ પોતાના ક્ષુદ્ર અને અહંબદ્ધ કોચલામાંથી સમષ્ટિમાં વિસ્તરતો થઈ જાય છે. અને એવા ગુરુત્વને આપણા સમગ્ર અસ્તિત્વથી નમન કરીએ છીએ :

'संसारवृक्षमारुढाः पतन्ति नरकार्णवे ।
यस्तानुद्धरते सर्वान् तस्मै श्री गुरुवे नमः ।।'

"સંસારરૂપી વૃક્ષપર ચડેલાઓ નરકરૂપી સાગરમાં પડે છે એ બધાનો જે ઉદ્ધાર કરે છે તે શ્રી ગુરુદેવને નમસ્કાર હોય."

(શ્વેતાશ્વેત ઉપનિષદ : ૬/૨૩)



"મહારાજે બ્રહ્મચારીની દાસત્વભક્તિનો બહુ ગુણ લીધો ને ભરી સભામાં કહ્યું, ''આ મુકુંદ બ્રહ્મચારી અમારાં સ્વભાવને યથાર્થ રીતે જાણે છે, કે આતો આકાશ સરખાં નિર્લેપ છે.'' એ અમારામાં અખંડવૃત્તિ રાખે છે. જેવા ગુણ ઈશ્વરમાં છે તેવાં આ બ્રહ્મચારીમાં વર્તે છે. એ ભોળાં છે, નિષ્કામી છે, નૈષ્ઠિક બ્રહ્મચારી છે તેથી એમની સેવા અમને બહું ગમે છે. અને એ જેમઅમારો મહિમા જાણે છે. તેમઅમે પણ એમનો મહિમા સમજીએ છીએ."

### વચનામૃતમાં ભગવાન શ્રીહરિની પરાવાણી સંયુક્ત આદર્શ ભક્તગાથાનો રસથાળ....

# શ્રીજીમહારાજના નિષ્કામી સંગાથી સદ્. મૂળજી બ્રહ્મચારી

સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

- ગતાંકથી ચાલુ...

બ્રહ્મચારી મહારાજથી પંદર વર્ષ મોટા હતાં. (જન્મસંવત ૧૮૨૨)ને શરીરે સશક્ત હતાં. કોઈવાર મહારાજને ખંભે બેસાડી મજલ કાપતા ને મહોબત કરતા. ઉંઘતા હોય ત્યારે પણ મહારાજનું જ ચિંતવન ચાલતું હોય.

એકવાર બ્રહ્મચારીને સભામાં ઝોકું આવી ગયું. તેમાં એમને એમલાગ્યું કે જે મકાનમાં મહારાજ પોઢ્યા છે તેમાં આગ લાગી છે. એટલે ગોદડાં સાથે એમને ઉંચકીને બહાર નીકળી ગયા. એમધારી સભામાં બેઠેલાં મહારાજને ગાદી સહિત ઉપાડી દોડવા લાગ્યા. મહારાજ હસતાં હસતાં બોલ્યાં કે મૂળજી અમને ઘણું હેત કરે છે. અને ઉંઘમાં પણ અમને દેખે છે.

નિકટનાં માણસોનું જીવન સુંવાળું (લાડકું-ઢીલા સ્વભાવવાળું) બને તે મહારાજને ન ગમે. સુખમાં રહે તેની શક્તિ ખીલે નહિં. એકધારૂં જીવન રહે તો તકલીફો વેઠાય નહિં ને સુખનું મૂલ્ય પણ ઉતરી જાય. આથી નિકટના માણસોને પણ કોઈક મિષે છેટા કરતા, વિયોગ કરાવીને સ્નેહ વધારતા.

એકવાર મૂળજીને પોતાની મોજડી આપીને તેલ ચોપડવા કહ્યું. એમણે તો કામશરૂ કર્યું. મહારાજની કોઈ પણ વસ્તું ઉપર એ મહારાજ જેટલું જ હેત કરતાં. મોજડીને તેલ લગાડતા જાય. હાથમાં રમાડતાં જાય, ને મહારાજનું સ્મરણ કરતા જાય. એવામાં વશરામ સુતાર ત્યાં આવી પહોંચ્યા. એ પણ એવાજ પ્રેમી એમને થયું કે તક મળી છે તો એનો લાભ લઈ લેવો. એમણે બ્રહ્મચારીનાં હાથમાંથી કામખૂંચવી લીધું ને બોલ્યા, ''બ્રહ્મચારી, તમારે બીજા હજાર કામહોય. લાવો, આટલું કામહું કરી આપું.'' બ્રહ્મચારી વિદાય થયા ને બીજી જ ક્ષણે ત્યાંથી મહારાજ નીકળ્યા, જોઈ ગયા કે કામસોપ્યું હતું મૂળજીને અને કરી રહ્યા છે વશરામ. તરતજ બ્રહ્મચારીને તતડાવ્યા. જોડાનું કામ છોડી દીધું ને વશરામ પાસે તેલ ચોપડાવ્યું ? કોને ક્યું કામ સોંપવું તે અમારે જોવાનું, તમે એ કેમ વહેંચવા નીકળ્યાં ? આટલું કહીને મહારાજ અટક્યા નહિં, ખુલાસો માંગ્યો નહિં, ને આકરો દંડ સંભળાવી દીધો. હવે તમારે જોડા પહેરવા હરામ છે ને ગળ્યું, ચીકણું ખાવું પણ બંધ. જાવ, ડભાણમાં રામદાસને ત્યાં રહો. ને અમે બોલાવીએ ત્યાં સુધી બીજે જશો નહિં, ને અહિં પણ આવશો નહિં.



બ્રહ્મચારીને માથે તો પહાડ તૂટી પડ્યો, એ કંપી ઉઠ્યા. છતાં વિરોધનો તથા પોતાનાં નિર્દોષપણાનો એક અક્ષર સરખો બોલ્યા વગર ડભાણ ચાલ્યા ગયા. આખે રસ્તે એકજ વિચાર કર્યો. ''હરિ કંઈ ખોટું નજ કરે, જે કર્યું તે સારા માટે જ હોય.''

એમછ માસ વીતી ગયા. ઉનાળો આવ્યો ને આંબા વેડાયા. રામદાસજી વખાણ કરતા જાય કે આંબો ઘણાં ફળ દે, આ આંબાની કેરીનો રંગ ખૂબ ખીલે, ને આ આંબો તો પૂણ્યશાળી મહાત્મા જેવો છે, તેની કેરી બહું મીઠી

''તો તો એ મહારાજને મોકલો, ડભાણની કેરી મહારાજને બહું ભાવે, રાજી થશે.''

''બીજુ શું શું ગમે અમારાં ડભાણનું ?

''અહીંનો બળદ ગમે ને અહીંનાં સાધુ ગમે, શુકમુનિ જેવા !''

''એનું પછી રાખો, હમણાં તો ડભાણીયા આંબાની કેરી મોકલો.''

રામદાસજીએ એનો ટોપલો ભરાવ્યો. કુલ દોઢ મણ થઈ પણ એ કોણ લઈ જાય ? ગઢડા કાંઈ

નજીક નહોતું. એટલે બ્રહ્મચારી તૈયાર થયા. માથે ટોપલો ચડાવ્યો ને ચાલવા માંડ્યું. ઉનાળાનો તાપ, સાઠ ગાઉનું અંતર અને ઉઘાડા પગે ચાલવાનું. પણ એનું કષ્ટ કોને લાગે છે ! મનમાં એક રટણ ચાલ્યું કે ક્યારે પહોંચુ ને ક્યારે જમાડું ! એ તો ભૂલીજ ગયા કે મને એમણે વિમુખ કર્યો છે. પાછા જવાનીય પરવાનગી નથી.

ગઢડા પહોંચ્યા, દરબારગઢમાં આવી મહારાજ આગળ કેરીનો ટોપલો મૂક્યો. હાથ જોડી, દંડવત પ્રણામ કરી "જય સ્વામિનારાયણ" કહ્યા, પણ મહારાજ કંઈ બોલ્યા નહિં. એટલે હળવે પગે પાછા ખસી ગયાં. બજારમાં એક સુતારે બોલાવ્યા ને ઘેર લઈ ગયા. એમનાં વહું કહે, "બ્રહ્મચારી કેમ ક્યાંઈ દેખાતા નથી ? બહું દિવસે દેખાયા. શરીર તો સારૂં છે ને ?"

બ્રહ્મચારી પીગળી ગયા અને મનમાં દાબી રાખેલી અશાંતિ ઉછળી આવી. બોલ્યા, મને તો મહારાજે વિમુખ કર્યો છે, છ મહિનાથી ડભાણ રહું છું, આજે કેરીનો ટોપલો ઉંચકી લાવ્યો ત્યારે મહારાજે નારાયણ પણ કહ્યા નહિં. એમને સીધું આપ્યું ત્યારે ખબર પડી કે ઘી-ગોળ પણ બંધ કરાવ્યાં છે. એટલે કોઈને કહ્યા વગર બાઈ મહારાજ પાસે ગઈ. બોલી, આમનમેરા ન થઈએ નાથ. પછી અમે બધાં કેમ કરીને રહીશું ! આમ ભગવાન થઈને બેઠા છો તે કોઈ કે'વા વાળું કોઈ છે કે નહિં ? બચારા ભોળા બ્રહ્મચારીને વિનાં વાંકે કેમ રંઝાડો છો ? તમારા વિનાં એને કોની પાસે જવું ? ને પાસે આવવા દેતાં નથી તે શું ધાર્યું છે ? બાઈ બહું ખીજાણી ને મહારાજને વળી પાછો હેતનો જાદું ઝળકી ઉઠ્યો, બ્રહ્મચારીને સેવાનો અધિકાર પાછો મળી ગયો.

મહારાજે બ્રહ્મચારીની દાસત્વભક્તિનો બહુ ગુણ લીધો ને ભરી સભામાં કહ્યું, "આ મુકુંદ બ્રહ્મચારી અમારાં સ્વભાવને યથાર્થ રીતે જાણે છે, કે આતો આકાશ સરખાં નિર્લેપ છે." એ અમારામાં અખંડવૃત્તિ રાખે છે. જેવા ગુણ ઈશ્વરમાં છે તેવાં આ બ્રહ્મચારીમાં વર્તે છે. એ ભોળાં છે, નિષ્કામી છે, નૈષ્ઠિક બ્રહ્મચારી છે તેથી એમની સેવા અમને બહું ગમે છે. અને એ જેમ અમારો મહિમા જાણે છે. તેમ અમે પણ એમનો મહિમા સમજીએ છીએ. એમ અવાર નવાર પ્રસંગે પ્રસંગે મહારાજ કહેતા અને સત્સંગમાં સહુ કહેતા. "આપ થયા તનુધારી, મારૂતી બન્યા બ્રહ્મચારી."

ઉત્તર ભારતમાંથી ધર્મકુળ આવ્યું અને ગઢડામાં મુકામથયો. એમતો સૌને પરિચય થયો પણ એમની દેખરેખ રાખવાનું મુકુંદ બ્રહ્મચારીએ માથે લીધું. શી વાત કે આ તો મહારાજનાં અસ્થિનાં અસ્થિ અને લોહીનું લોહી ! એમની સેવા કરવામાં કોઈવાર મહારાજની સેવા ચૂક્યા પણ ખરા ત્યારે મનુષ્યલીલા કરતાં મહારાજ અકળાયા. આ શું ? પાણી વખતે પાણી નહિં ને થાળ વખતે થાળ નહિં ? ત્યારે બ્રહ્મચારી કહે, આપનું લાખ જણા કરશે પણ ઓલ્યા બિચારા પરદેશનાં છે તેમનું કોણ સાચવશે ?

મહારાજ હસી પડ્યાં ને બોલ્યા, માવતરને રાજી કરવા હોય તો છોકરાંને રાજી કરવાં પડે. આ મૂળજી બ્રહ્મચારી એમજ કરે છે.

એક સમયે માળિયા ગામમાં બ્રહ્મચારીને મહારાજ બે જણ જઈ ચડ્યાં. બે દિવસથી જમવાનું મળ્યું નથી. મહારાજ કહે, મૂળજી ! ચાલ ભિક્ષા માગીએ. બ્રહ્મચારી કહે, હું બેઠો છું ને તમે ભિક્ષા માંગવા જાવ ને કોઈ ઓળખી જાય તો સત્સંગમાં મારા ઉપર મેણું રહી જાય. હું ભિક્ષા લઈ આવીશ. પણ એમ કોણ માની જાય ? બંને સાથે નિકળ્યા. એક બ્રાહ્મણે મહારાજને રોટલો ને અથાણું ધર્યા, તે મહારાજે ન લીધાં. કારણ કે એમને ભિક્ષા આપી તેવી મૂળજીને ન આપી. તેથી બોલ્યા, "આ બ્રહ્મચારી જમશે પછી અમે." પછી બાજરાનો લોટ અને મીઠું લઈને મચ્છું નદીએ ગયા. સ્નાન સંધ્યા કર્યા અને બાટી થાય એમનહોતું એટલે પાણી ભેળવીને પી ગયા. આ જોઈને બ્રહ્મચારીથી હસ્યા વિના ન રહેવાયું.

"કેમ હસવું થયું, બ્રહ્મચારી ?"

"મહારાજ ! હું તો માનસી માંય તમને પૂરી ને ભજીયા જમાડું છું એની મજા જુઓ ને આ લોટ ને મીઠું પીવાની મજા જુઓ." એમકહી બન્ને હસ્યા. આમ બ્રહ્મચારી ને મહારાજ બન્ને અતિ આત્મીયતાથી રહેતાં હતાં.

બ્રહ્મચારી જે કાંઈ કરતાં તે પ્રત્યક્ષ ભાવથી કરતાં. **यत्करोषि यदश्नासि यज्जुहोसि ददासि यत् यत्तपस्यसि** એ બધું ભગવાન કાજે જ થતું.

પરંતુ એ પરિસ્થિતિમાંય પલટો આવ્યો, મહારાજ સ્વધામ સિધાવ્યા. વિયોગમાં સ્મૃતિનું બળ સતેજ બન્યું. મહારાજ નહોતા તો પણ એમનાં દાતણ પાણી એ લાવી આપતા અને સ્નાન માટે ઉના જળની તાંબાકુંડી ભરી દેતા. એકવાર આશ્ચર્ય થયું. નિત્યનિયમ પ્રમાણે એ વહેલા પરોઢે મહારાજને જગાડવા ગયાં. હળવેથી ને હેતથી બોલ્યા, જાગો મહારાજ, ભોર ભઈ અને મહારાજ હસતા હસતા ઉઠીને બહાર આવ્યા. દાતણ કર્યું ને સ્નાન કર્યું વસ્ત્રો પહેર્યા. પછી ? પછી એ અદૃશ્ય થઈ ગયા. ભાવ એકલા ભક્તને જ થાય એવું નથી. ભગવાનને ઘણાં ઘણાં ભાવ થાય છે. પ્રેમનાં પૂરમાં તણાવું એમને તો બહું ગમે છે.

બ્રહ્મચારી શ્રી ગોપીનાથજી મહારાજની મૂર્તિને આંગળીએ વેઢ પહેરાવે ત્યારે પણ ધીરેથી સાચવીને પહેરાવે, કેમજાણે મહારાજને જ વેઢ વાગી જશે ! મૂર્તિમાં પણ મૂર્તિમાનપણાંનો એ ભાવ રાખતાં.

આવાં સોળ વર્ષ વીત્યા. મહારાજની સ્મૃતિથી એમણે હૃદય ભરી રાખેલું. પૂરાં ૨૮ વર્ષ લગાતાર રાત્રિ દિવસ મહારાજની સેવા કરી તેમણે મહારાજની દરેક સ્મૃતિઓ હૃદય પટળ પર કંડારી રાખી હતી. સંવત ૧૯૦૨ માં એમને માંદગી આવી ને મન ઢીલું પડ્યું. હવે સ્મૃતિ ઝાંખી

પડતી હતી, મૂર્તિનું દર્શન મુશ્કેલ બનતું હતું. દેહ વયોવૃદ્ધ ને જર્જરિત બન્યું હતું. એથી મૂળજી બ્રહ્મચારી બેચેન બન્યા ને એકવાર મનમાં જ મોટેથી બોલી ઉઠ્યા, "હવે મને લઈ જાઓ, મહારાજ, આવુ નથી સહેવાતુ." આંખે આસું આવી ગયા.

એંસી વર્ષ થયાં હતાં તો પણ આ પોકાર મહારાજે માન્યો નહિં, ઉલટું નવું કામસોંપ્યુ, "અમે ગોપીનાથજીનું મંદિર બાંધ્યું તેને હવે તમે છોવરાવો. અને આજ્ઞા મળતાં જ દાસત્વભક્તિનો જીવડો જાગી ઉઠ્યો, વયોવૃદ્ધ જર્જરિત દેહમાં નવી શક્તિ આવી. એમની માંદગી જતી રહી. સાજા થઈને એમણે કામશરૂ કરાવ્યું ને જાતે પણ કરવા લાગ્યા. એકવાર તો એ ગાદીવાળા માતુશ્રી વિરજાદેવી પાસે પહોંચ્યા ને બોલ્યા, "માજી, તમારે દીકરો જોઈએ છે તો આપો પાંચસો રૂપિયા, મંદિરનું કામછે." એમને રૂપિયા મળી ગયા. ગોપાળાનંદ સ્વામીએ એમને ઉભા રાખીને પૂછયું, "ઝોળીમાં દીકરા ભરી રાખ્યા છે, બ્રહ્મચારી?"

'જેવું એમનું પ્રારબ્ધ ને જેવી મહારાજની મરજી. મને તો મંદિર છોવા રૂપિયા મળીગયા.' એમણે હરખાઈને કહ્યું.

બે વર્ષ કામચાલ્યું. કોઈવાર મંદિરની સાથે બ્રહ્મચારી પણ છોવાઈ જતાં. બધાને રમૂજ થતી, ત્યારે એમને પણ આનંદ થતો. ક્યારેક બ્રહ્મચારી મહારાજને કહેતા, "કામસારૂં થયું છે, હવે પૂરૂં થઈ જવા આવ્યું છે. તમને ગમ્યું છે ને?"

અને અંતરનાં ગહેરા ઘુંમટમાં મહારાજનો ઘેરો સ્વર ગૂંજી રહેતો, "હા, મૂળજી સરસ થયું છે."

ક્યું મંદિર ? ગોપીનાથજીનું કે મુકુંદ બ્રહ્મચારીનું ? એમનું જીવન રૂપાળું ને રઢિયાળું બની ગયું, તૃપ્તિ આવી ગઈ. જેટલી શોભા સ્થૂળની થઈ રહી હતી તેથી અધિક એમનું સૂક્ષ્મશોભી ઉઠ્યું હતું.

સંવત ૧૯૦૪ માં જલઝીલણીનો ઉત્સવ કરવા ગઢડામાં રઘુવીરજી મહારાજ અને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી વગેરે ઘણાં સંતો પધાર્યા. સૌ મંદિરની શોભાથી રાજી થયા. સમૈયો સમાપ્ત થયો. પછી ભાદરવાની પૂનમઆવી. શણગાર પહેલાંની સભામાં ગુણાતિતાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, વાસુદેવાનંદ બ્રહ્મચારી, મૂળજી બ્રહ્મચારી તથા આનંદાનંદ બ્રહ્મચારી વગેરે બેઠા હતાં. એ પ્રસંગે નિત્યાનંદ સ્વામીએ આ પ્રમાણે વાત કરી.

"આ મૂળજી બ્રહ્મચારીએ શ્રી ગોપીનાથજીનું મંદિર ઘણો દાખડો કરીને છોવરાવ્યું ને ઉપર પથ્થરનાં કળશ ચડાવ્યા તે આગળ જતાં સોનાનાં ચડશે. અને નિજ મંદિરમાં ઠાકોરજીનાં સિંહાસન લાકડાનાં છે તે સોના-રૂપાનાં થશે. ને કમાડ પણ સોના રૂપાનાં થશે. ને પરકમ્મામાં તથા મંદિરમાં આરસ પથરાશે એમઘણી સમૃદ્ધિ આવશે. પરંતુ આ મૂળજી બ્રહ્મચારી તથા રઘુવીરજી મહારાજ તથા બીજા સાધુ બેઠા છે તેવા ફરી નહિં મળે." આટલું કહ્યું ત્યાંતો આરતીનો ઘંટ વાગ્યો ને સૌ દર્શન કરવા ઉઠ્યા.

બ્રહ્મચારીએ કડીયાને તેડાવીને પૂછયું, "હવે છોવાનું કામકેટલાં દિવસનું છે?"

"ત્રણ દિવસનું છે, ત્રીજા દિવસે તમામકામપૂરૂં થઈ જશે." અને ત્રીજે દિવસે બ્રહ્મચારીનું દેહ લથડ્યું. રેચ લીધો તે વળ્યો નહિં. બોલ્યા, "આજે મારે ધામમાં જવું છે, માટે ચાલો અક્ષર ઓરડીએ છેલ્લીવારનાં દર્શન કરીએ." સૌને સાથે લઈને એ ઓરડીએ ગયા. સૌની સાથે બ્રહ્મચારી હેઠે બેઠા ને પગે લાગ્યા, ને આંખોમાંથી દડદડ આંસુ પડવાં લાગ્યાં, ડૂસકે ભરાયા, સાથે આવેલાં બધા રડી પડ્યાં. બ્રહ્મચારીએ કિર્તન શરૂં કર્યું:

'સજની નિમખ ન વિસરે નાથજી રે,
આ સજ્યા તે શ્રી મહારાજની રે; આ બાજોઠે બેસતા
લાલ...'

હિબકા ભરતાં જાય ને બે હાથે આંખોનાં આંસુ લૂંછતા જાય ને કિર્તન પૂરૂં કર્યું.

ત્યાથી ગોપીનાથજી મહારાજનાં દર્શન કરી આસને પાછા આવ્યાં. થાળ મંગાવીને કડીયાને આપ્યો, પોષાક અપાવ્યો ને આશીર્વાદ આપ્યા. પછી સૌને "ધૂન ઉપાડો, મહારાજ પધાર્યા છે." અને અંતર્દષ્ટિ કરી લીધી. ૮૨ વર્ષની જીવનલીલા સંકેલી લીધી. ઘેલાને કાંઠે એમનાં દેહનો અંગ્નિસંસ્કાર કર્યો. ઓરિયાનાં આરે એમનો ઓટો આજે પણ મોજુદ છે.

મહારાજ કહેતા, "મારો પાળિયો ગોપીનાથ ને મૂળજી બ્રહ્મચારીનો પાળિયો તે મારૂતિ." હરિભક્તો પહેલાં પ્રણામસેવકને કરે છે, પછી સ્વામીને ! એટલે જ એક કવિએ ગાયું છે:

'સંતો સંભારે નહિં પૂર્વાશ્રમને કે પૂર્વાશ્રમનાં નામને,

તોય ચીટકી રહ્યું એવું નામમુકુંદાનંદને, મહારાજનાં અંતે વાસી ને

એમણે જ 'મૂળજી' કહ્યા અંતકાળ સુધી, મૂળથી વૈરાગ્ય જ એવો તીવ્ર કે

'મૂળજી બ્રહ્મચારી' તરીકે ઓળખાયા, ને દીક્ષાનું નામગૌણ રહ્યું


મહારાજ કહે 'અમારી આ જોડ મૂળાનંદ ને સહજાનંદ.'

એમપદ મળ્યું અનન્ય સેવકનું.

જેવા રામનાં હનુમંત તેવા મહારાજનાં મૂળજી.'



‘પૂર્વે રામકૃષ્ણાદિક અવતાર થઈ ગયા ને આગળ બીજા થાશે તથા બીજાં ધામોને વિશે જે મૂર્તિઓ છે, તે સર્વેના કારણ ને સર્વ થકી પર આ પ્રગટ પુરુષોત્તમનારાયણ અમે છીએ, તેમાં ખોટું કહેતા હોઈએ તો સર્વે પરમહંસના સમછે. એવું જે પ્રગટ પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન તેમાં જો ખામી રહી જશે તો કોઈ રીતે વાંધો નહિ ભાંગે. અને જેમવૈકુંઠવાસીને રહેવાનું વૈકુંઠધામછે, ને ગોલોકવાસીને ગોલોક છે તેમઅમારે રહ્યાનું અક્ષરધામછે.”





સાંપ્રદાયિક ગ્રંથોના આધારે પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણનું

# સર્વોપરી-સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન

સાધુ જ્ઞાનવલ્લભદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

- ગતાંકથી ચાલુ...

## ❖ સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતો

“માટે આપણે તો અવતારને વિશે મોટપ ન સમજવી. અને મહારાજ સર્વ અવતારોના અવતારી પોતે એક જ છે. અને અવતારમાત્રના સ્વામી છે. ને બીજા સર્વ અવતાર મહારાજના ભક્ત છે. એમસમજવું ને બીજાને એમસમજાવવું ને મહારાજે વ્યાપકાનંદ સ્વામીને પણ પોતાના સ્વરૂપને વિષે ચોવીસ અવતાર લીન કરી દેખાડ્યા, અને પર્વતભાઈ પણ ચોવીસ અવતારને મહારાજની સ્તુતિ કરતા નિરંતર દેખતા. એવા એવા હજારો વાર ચમત્કાર મહારાજે જણાવ્યા છે. તથા હમણાં પણ જણાય છે. તે આપણે બીજા અવતાર જેવા મહારાજને કેમસમજીએ ? માટે આપણે તો ચોખ્ખી ઉપાસના સમજવી જે, બીજા અવતાર તથા અક્ષરના મુક્ત તથા અક્ષર અને પૂર્વે જે જે અવતાર થઈ ગયા છે તથા આગળ થાશે એ સર્વના અવતારી શ્રીજી મહારાજ છે. અને એ સર્વે અવતાર મહારાજના ભક્ત છે એમસમજવું, અને એ સર્વેને નિયમમાં રાખનારા પોતે એક જ છે, પણ એ વિના બીજો કોઈ નથી, એ મોટા સંતનો સિદ્ધાંત છે. (૧/૧૭ અમદાવાદ પ્રત)

“મહારાજે સમાધિઓ કરાવીને જેવો તેવો હોય તેને પણ અષ્ટાવરણ પાર જે અક્ષરધામતે દેખાડ્યું, તથા તે સમાધિને વિષે પોતાના અવતાર દેખાડીને પોતાને વિશે લીન કરી દેખાડ્યા. તથા પુષ્પ તથા સોટીને સ્પર્શે કરીને પોતાનાં ધામદેખાડ્યાં, એ સર્વે પોતાને વિષે પુરુષોત્તમપણું દેખાડ્યું. એવી રીતે મહારાજે પૂર્વે જે જે અવતારે કરીને જે જે કાર્ય કર્યું છે તે પોતે સહજ લીલાએ કરીને કર્યું. આવી રીતે આ વાતને વિચારીને પછી એમનિર્ધાર કરવો જે, ‘જ્યારે સર્વ અવતારનો ભાવ મહારાજે પોતાને વિષે દેખાડ્યો, તે માટે સર્વ અવતારના અવતારી તે આ પ્રગટ ભક્તિધર્મના પુત્ર એવા શ્રીહરિકૃષ્ણ મહારાજ છે. ને બીજા અવતાર તો એમના આજ્ઞાકારી છે. એમમહારાજના સ્વરૂપને સમજવું. તે આ વાતને પણ જે બુદ્ધિવાળો હોય અને શુદ્ધ સંપ્રદાય થકી જ્ઞાનને પામ્યો હોય, તે આ વાતને શુદ્ધ સંપ્રદાય થકી સમજે ત્યારે આ વાત સમજાય પણ તે વિના સમજાય નહિ, તે માટે આ વાતને સમજી રાખવી.” (૧/૯૯)

“દીવ ગામનો એક વાણિયો સંઘ કાઢીને દ્વારકાની જાત્રા કરવા જાતો હતો. તેને લોજમાં શ્રીરામાનંદ સ્વામી મળ્યા. તેમણે કાંઈક ચમત્કાર દેખાડ્યો તેણે કરીને ભગવાનપણાનો નિશ્ચય થયો. પછી ઘણે દિવસે શ્રીજીમહારાજને દર્શને તે વાણિયો આવ્યો. તેને શ્રીજીમહારાજે કહ્યું જે, ‘તમારે કાંઈ સંશય હોય તો આ નાના બાળક સમાધિવાળા છે તેને પ્રશ્ન પૂછો.’ ત્યારે તેણે જે જે પ્રશ્ન પૂછ્યા તેના ઉત્તર તે બાળકે કર્યા. તેમાં તે દ્વારાએ રામાનંદ સ્વામીના જેવો શ્રીજીમહારાજે ચમત્કાર જણાવ્યો. ત્યારે એ ભક્તે શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે ‘હે મહારાજ ! પ્રથમહું રામાનંદ સ્વામીને ભગવાન જાણતો, પણ રામાનંદ સ્વામી જેવો મને આ બાળકને વિશે તમારે પ્રતાપે કરીને ચમત્કાર જણાયો. ત્યારે તમારા મોટા મોટા જે સાધુ, સત્સંગી તેનો પ્રતાપ તો ઘણો હશે, ને તમારી મૂર્તિમાં પ્રતાપ ને મહિમા તે તો બહુ જ અધિક હશે એમહું જાણું છું. માટે તમારા સ્વરૂપનું જેમછે તેમયથાર્થ મુને જ્ઞાન થાય તેમકૃપા કરીને કહો.’ ત્યારે શ્રીજીમહારાજ તે પ્રત્યે બોલ્યા જે, ‘અંતરની વાર્તા જાણવે કરીને ભગવાનપણાનો નિશ્ચય થાય તો અમારા મોટા મોટા સાધુ તથા સત્સંગી તે અનંત જીવના દેહમાં પ્રવેશ કરીને તેના અંતરની વાર્તા જાણે એવા છે. માટે પૂર્વે થયા જે અવતાર તેના જેવું ઐશ્વર્ય તો અમારા મોટા મોટા સાધુ-સત્સંગીમાં જણાય છે, અને અમે તો સર્વ અવતારના અવતારી સર્વોપરી શ્રીપુરુષોત્તમનારાયણ તે છીએ.’ પછી તે

ભક્તને શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય થયો. પછી શ્રીજી મહારાજના પુરુષોત્તમપણાની તે ભક્તે વાત કરી. તે રામાનંદ સ્વામીના નિશ્ચયવાળા બીજા જે જૂના હરિભક્ત હતા તેના માન્યામાં ન આવી. ત્યારે શ્રીજીમહારાજ પાસે સર્વે મળી આવ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'ધ્યાનમાં બેસો, ને જેમછે તેમએ વાત તમને જણાશે.' ત્યારે તે ધ્યાનમાં બેઠા. તેમને શ્રીજીમહારાજે સમાધિ કરાવી ને અક્ષરધામને વિશે અનંત પાર્ષદે યુક્ત પોતાની દિવ્યમૂર્તિનું દર્શન કરાવ્યું, ને રામાનંદ સ્વામી તથા સર્વે અવતાર તે શ્રીજીમહારાજની સેવાને વિશે દીઠા. ને સર્વે સ્તુતિ કરીને શ્રીજીમહારાજની મૂર્તિને વિશે લીન થયા એમદીઠું. પછી તે ભક્તોને શ્રીજીમહારાજનો પુરુષોત્તમ પણાનો દૃઢ નિશ્ચય થયો. પછી તે સર્વે ભક્તે સમાધિમાંથી નીસરીને કહ્યું જે, 'હે મહારાજ ! તમે સર્વોપરી પુરુષોત્તમછો. માટે તમારા પુરુષોત્તમપણાના નિશ્ચયમાં સંશય ન થાય એવી કૃપા કરો.' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'આ પુરુષોત્તમતો આ બ્રહ્માંડને વિશે ક્યારેય આવ્યા નથી ને આવશે પણ નહિ. આ તો સર્વોપરીમૂર્તિ છે. માટે આ જે નિશ્ચય તે ફરવા દેવો નહિ.'' (૧/૧૫૫)

''શ્રીજીમહારાજે નાગડકાને વિશે પરમ હંસ આગળ વાર્તા કરી જે, 'પૂર્વે રામકૃષ્ણાદિક અવતાર થઈ ગયા ને આગળ બીજા થાશે તથા બીજાં ધામોને વિશે જે મૂર્તિઓ છે, તે સર્વેના કારણ ને સર્વ થકી પર આ પ્રગટ પુરુષોત્તમનારાયણ અમે છીએ, તેમાં ખોટું કહેતા હોઈએ તો સર્વે પરમ હંસના સમછે. એવું જે પ્રગટ પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન તેમાં જો ખામી રહી જશે તો કોઈ રીતે વાંધો નહિ ભાંગે. અને જેમ વૈકુંઠવાસીને રહેવાનું વૈકુંઠધામ છે, ને ગોલોકવાસીને ગોલોક છે તેમ અમારે રહ્યાનું અક્ષરધામ છે.'' (૧/૧૫૬)

''એક હરિભક્તે સ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું જે, 'આ શ્રીજી મહારાજનો અવતાર કેવો જાણવો ?' ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું જે, 'આ અવતાર નહિ, આ તો રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી પ્રગટ પુરુષોત્તમ છે ને બીજા અવતારના જેવી કળાઓ તો પોતાના ભક્તમાં છે.'' (૧/૧૬૭)

''શ્રીજીમહારાજે વાત કરી જે, 'સર્વે જીવ, ઈશ્વર, વિભૂતિઓ, ધામ, શક્તિઓ, ઐશ્વર્ય ને મુક્ત એ સર્વેનું સ્વરૂપ, સ્વભાવ એમને સહજ સ્વભાવે અખંડ અમે જાણીએ-દેખીએ છીએ, ને એ સર્વે મારી મૂર્તિનો મહિમા જેમછે તેમ કોઈ દેખવા-જાણવા સમર્થ નથી, ને હું પણ પ્રગટ પ્રમાણ સર્વ અવતારનો અવતારી ને તમારો સર્વેનો ઉપાસ્ય, ગુરુ, ઈષ્ટદેવ ને અક્ષર પર એવો જે હું તે પણ મારી મૂર્તિના મહિમાનો અંત નથી પામતો; ને એ સર્વે જે કહ્યાં તે સર્વેની સામર્થી મારી મૂર્તિના એક રોમના કોટિ-કોટિમા ભાગની બરોબર નથી આવતી, એવી અનવધિકાતિશય ને મહાઆશ્ચર્યમય આ મૂર્તિ છે એમાં કિંચિત્-માત્ર સંશય નથી, એ અમારો સિદ્ધાંત છે.'' (૧/૧૭૦)

''કોટિ સૂર્યના તેજથી કોટિ ગણું તેજ તે વૈકુંઠના મુક્તમાં છે, ને તેથી કોટિ ગણું તેજ તે ગોલોકના મુક્તમાં છે, ને તેથી અનંત કોટિ ગણું તેજ તે અક્ષરધામના મુક્તના રોમને વિશે છે, ને તે સર્વ મુક્તનું તેજ અક્ષરધામના એક દેશને વિષે સમાઈ જાય છે. એવો અનંત અપાર જે શ્રીહરિકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમના એક રોમના કોટિ ભાગની પાશંગના બરોબર નથી આવતો, એવા પુરુષોત્તમ છે. તે દિવ્ય, તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બળ, કીર્તિ, સ્વરાટ, સત્યસંકલ્પ એવા અનેક દિવ્ય ગુણે યુક્ત એ મૂર્તિ છે, ને અનવધિકાતિશય અને નિરંકુશ દિવ્ય એવું ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રીધર્મદેવ ને ભક્તિ થકી છે જન્મ જેમનો એવા જે શ્રી સ્વામિનારાયણ તે જ અક્ષરાતીત સર્વોપરી પુરુષોત્તમ ભગવાન છે, તેમાંથી સર્વ અવતાર પ્રગટ થાય છે ને પાછા તેમને વિષે લીન થાય છે, તે જેમ તારા ચંદ્રમાને વિષે લીન થાય છે અને જેમ ચંદ્રમા સૂર્યને વિષે લીન થાય છે. તેમ લીનતા છે, પણ જેમ જળમાં જળ મળે ને અગ્નિમાં અગ્નિ મળે છે તેમ નથી. અવતાર અને અવતારીમાં ઘણો ભેદ છે એમજાણવું.'' (૧/૧૭૨)

''એક દિવસ મોટા સંતે ઉપાસનાની વાર્તા કરી જે, 'આપણે જેમ શ્રીજીમહારાજને પુરુષોત્તમ ભગવાન કહીએ છીએ, તેમજ રામચંદ્રજી આદિકના ઉપાસક છે તે પણ પોતપોતાના ઈષ્ટદેવને પુરુષોત્તમ કહે છે, એમજ આપણે કહીએ છીએ કે બીજી રીત છે, એમ પોતાનું મન શંકા કરે અથવા કોઈક પ્રતિપક્ષી પૂછે ત્યારે જો દૃઢ ઠરાવ ન કર્યો હોય તો પોતાને શંકા થાય, ને ઉત્તર પણ નિઃશંકપણે યથાર્થ થાય નહિ. માટે પુરુષોત્તમ પણાનો દૃઢ ઠરાવ કરવો.' ત્યારે સંતે આશંકા કરી જે, 'કેમ સમજે તો નિઃશંકપણે પુરુષોત્તમ પણાનો દૃઢ ઠરાવ થાય ?' ઉત્તર જે, 'જ્યારે શ્રીજીમહારાજ પ્રગટ થયા ત્યારે જે જે અવતારના ઉપાસક શ્રીજીમહારાજને દર્શને આવતા તે સર્વેને શ્રીજીમહારાજ ભજનમાં બેસારીને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવતા. એવી રીતે ચોવીસે અવતારના દર્શન કરાવતા, તથા મુસલમાનને અલ્લાનાં તથા શ્રાવકને તીર્થંકરનાં દર્શન કરાવતા હવા. એમજે જે મતના આવે તેને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવીને તે સર્વેને પોતાનો આશ્રય કરાવી દેતા હવા, તથા વ્યાપકાનંદ સ્વામીને પોતાને વિષે ચોવીશ અવતાર લીન કરાવીને પોતાને વિષે પુરુષોત્તમ પણાનો નિશ્ચય કરાવી દીધો. એ વાતમાં પણ મર્મ છે તથા પર્વતભાઈ હરિભક્તે એમ, સંકલ્પ કર્યો જે, 'પરમેશ્વરના અવતાર કેવા હશે ' ત્યારે તે ભક્તે આગળ આવીને ચોવીશે અવતાર દર્શન આપતા હવા, અને બ્રહ્મપુરને વિષે પોતાનાં દર્શન જેવા તેવા જીવને સહજે જ કરાવતા હવા. એવી જાતની અનેક પ્રકારની સામર્થીની વાર્તા સત્સંગમાંથી સમજીને શ્રીજીમહારાજને વિષે પુરુષોત્તમ પણાની ઉપાસના નિઃશંકપણે અતિ દૃઢ કરવી, ને જે સ્વયં પુરુષોત્તમ ભગવાન છે તે તો આ ફેરે જ આવ્યા છે એ વાર્તા પરમસત્ય છે, ને વળી પરમેશ્વરની મરજીને જાણે એવા જે પરમ ભગવદ્‌ભક્ત તેમણે પણ એ વાર્તા કહી છે.'' (૨/૨૩૯)

(ક્રમશઃ)

# વાણીમાં વિવેક જરૂરી છે

સાધુ નિર્દોષસ્વરૂપદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



**- ગતાંકથી ચાલુ...**

હેમાળ ગામનો એક મુમુક્ષુ જૂનાગઢમાં સાધુ થયેલ. એકવાર તે તેઓના ગુરુ સાથે એક ગામમાં પધરામણીએ ગયેલ. ત્યાં તેની પૂર્વાશ્રમની ભાભી આવી હતી. તેણે બીજી સ્ત્રીને કહ્યું : ''આ સાધુ છે તે મારા દિયર છે. આ કેવા રૂપાળા છે, સંસારમાં શોભે એવા છે. હજું ઘેર આવે તો લાડેકોડે પરણાવું.'' આ શબ્દો પેલા સાધુએ સાંભળ્યા, તુરંત મનમાં તોફાન શરૂ થઈ ગયું અને અંતે શબ્દનો વિજય થયો ! તેથી ઘેર જતો રહ્યો.

સદ્ગુરુ રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રથી સોરઠમાં આવતા હતા ત્યારે કાનમપ્રદેશના સારંગ ગામમાં એક ખેડૂત ખેતરમાં હળ ચલાવતા હતા તેઓને કહ્યું : ''હવે ક્યાં સુધી હળ ચલાવવું છે ? ભગવાન ભજો.'' આટલા શબ્દો સાંભળીને તુરંત બળદોને હળ જોડેલા રાખીને પોતે ત્યાંથી સીધા જ રામાનંદ સ્વામી સાથે જતા રહ્યા. તે ખેડૂત બીજા કોઈ નહિ, પરંતુ આપણા મહાન સંત બનેલા 'ભાઈ રામદાસજી' પોતે હતા.

બિલ્વમંગળ સંગદોષે કરીને મહાકામી બની ગયો હતો. એક દિવસ પણ વેશ્યા વિના રહી શક્તો નહિ. એક દિવસ તે વેશ્યા પાસે જવા તૈયાર થયો પરંતુ નદીમાં પૂર હતું. તેમાં શબ તણાતું આવતું હતું. તેને લાકડું સમજી તેના સહારે નદીની સામે કાંઠે પહોંચી ગયો. પણ વેશ્યાની હવેલીનો દરવાજો બંધ હોવાથી સાપને દોરડું સમજી તેને પકડી ઉપરના માળે ચઢી ચિંતામણી વેશ્યા પાસે ગયો...!

ત્યારે ચિંતામણી એટલું જ બોલી : ''આવું સાહસ કરી મારી પાસે આવ્યો તે કરતાં પ્રભુ પાસે ગયો હોત તો તારો જન્મસફળ થઈ જાત.'' આટલા જ શબ્દોથી તેની દિશા બદલાઈ ગઈ અને બિલ્વમંગળ મટી મહાન સંત સુરદાસ બની ગયા...! તેનું કારણ શબ્દો જ હતા.

રાજાપુરના તુલસીદાસ પોતાની પત્ની રત્નાવલિના રૂપમાં એટલા બધા આસક્ત થઈ ગયા હતા કે તેને જોયા વિના એક દિવસ પણ રહી શક્તા નહિ. એક દિવસ તેઓ બહારગામગયા હતા ત્યારે રત્નાવલિના ભાઈ તેડવા આવવાથી તે પિયર ગયાં.

જ્યારે તુલસીદાસ ઘેર આવ્યા તો પત્નીને ન જોયાં. તુરંત પત્નીના પિયરમાં પહોંચી ગયા...! ત્યારે પત્ની રત્નાવલિએ એક જ વાક્ય કહ્યુ : ''આ હાંડ-માંસના દેહમાં આટલી પ્રિત છે, એટલી જો શ્રીરામમાં કરી હોત તો ભવસાગર તરી જાત.'' આટલા જ શબ્દોથી તુલસીદાસનું અંતર વીંધાઈ ગયું અને ત્યાંથી જ સંસારનો ત્યાગ કરી જતા રહ્યા અને અંતે તુલસીદાસ રામાયણી બની ગયા ! તેનું કારણ શબ્દો...

વૈશાલી નગરની અતિ સ્વરૂપવાન વેશ્યા આમ્રપાલીના બગીચામાં ભગવાન બુદ્ધ ઊતર્યા હતા. તેનો હજારો લોકો ઉપદેશ સાંભળતા હતા. આમ્રપાલી પણ ઉપદેશ સાંભળવા અને દર્શન કરવા ગઈ. ત્યારે ભગવાન બુદ્ધે તેને કહ્યું : ''જે રૂપથી તું લોકોને ભ્રષ્ટ કરી અધોગતિનું ભાથું ભરી રહી છે, એજ રૂપથી તું પ્રભુને રીઝાવ તો તું પરમપદની અધિકારી બની જઈશ.''

તથાગત પ્રભુના એક જ વાક્યે આમ્રપાલીનુ અંતર ફરી ગયું ને વેશ્યા મટી વેરાગણ(સાધ્વી) બની ગઈ ! વૈભવનો ત્યાગ કરી સંઘમાં જઈ ભિક્ષુણી બની ગઈ. તેનું કારણ શબ્દો...

### ❖ સદ્. ગોપાળાનંદ સ્વામીના શબ્દોથી....

સામાન્ય લોકોના શબ્દોની અસર પણ મુમુક્ષુઓને થઈ જતી હોય તો પછી મહાપુરુષોના શબ્દોની અસર કેમન થાય ? અર્થાત્ થાય જ.

લોધિકા ગામના ધણી દરબાર અભેસિંહ જાડેજા શરાબ અને શિકારમાં ગળાડૂબ રહેતા હતા. પોતાના પિતા જીભાઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચુસ્ત ભક્ત

''રાજાપુરના તુલસીદાસ પોતાની પત્ની રત્નાવલિના રૂપમાં એટલા બધા આસક્ત થઈ ગયા હતા કે તેને જોયા વિના એક દિવસ પણ રહી શક્તા નહિ. એક દિવસ તેઓ બહારગામગયા હતા ત્યારે રત્નાવલિના ભાઈ તેડવા આવવાથી તે પિયર ગયાં.
જ્યારે તુલસીદાસ ઘેર આવ્યા તો પત્નીને ન જોયાં. તુરંત પત્નીના પિયરમાં પહોંચી ગયા...! ત્યારે પત્ની રત્નાવલિએ એક જ વાક્ય કહ્યુ : ''આ હાંડ-માંસના દેહમાં આટલી પ્રિત છે, એટલી જો શ્રીરામમાં કરી હોત તો ભવસાગર તરી જાત.'' આટલા જ શબ્દોથી તુલસીદાસનું અંતર વીંધાઈ ગયું અને ત્યાંથી જ સંસારનો ત્યાગ કરી જતા રહ્યા અને અંતે તુલસીદાસ રામાયણી બની ગયા ! તેનું કારણ શબ્દો...''

હતા, પરંતુ અભેસિંહને સત્સંગથી સો ગાઉનું છેટું હતું. તેને તો દરરોજ મહેફિલમાં મિત્રો સાથે દારુની પ્યાલીઓ ગટગટાવવાની અને પછી સીમમાં જઈ અનેક નાના-મોટા પશુ-પક્ષીઓને મારવાનાં ને પછી ખાવાનાં આજ તેમનું જીવન હતું.

એક સમયે તેઓ કાળિયાર હરણનો શિકાર કરવા ઘોડો લઈને હરણની પાછળ પડ્યા. હરણ દોડતું દોડતું મેંગણી ગામની હદમાં આવી સંતાઈ ગયું. થાકેલા અભેસિંહ મેંગણીમાં ઘોડાને પાણી પાવા આવ્યા. એ સમયે તે ગામમાં સદ્. ગોપાળાનંદ સ્વામી પધારેલા ને સભા કરી કથા-વાર્તા કરતા હતા.

પોતાના પિતાના ગુરુ સ્વામી છે આવું જાણતા હોવાથી તેઓ સભામાં આવી દૂર ઊભા રહ્યા. ત્યારે સ્વામી બોલ્યા : "અભેસિંહ! હવે ક્યાં સુધી શરાબની મહેફિલ માણવી છે ? હવે સત્સંગની મહેફિલમાં આવી જાવ. નિર્દોષ પશુ-પક્ષીઓને મારીને કેટલાં પોટલાં પાપના ભરવાં છે ? ભગવાનને હૃદયમાં ક્યારે પધરાવવા છે ?"

સ્વામીની ત્રાટકવૃત્તિએ સહિત ઉપદેશાત્મક શબ્દોની એવી તો અસર થઈ ગઈ કે ત્યાં સભામાં જ પોતાની બંદૂકને ગોઠણે રાખી ભાંગી નાખી અને પ્રતિજ્ઞા લીધી કે હવે પછી ક્યારેય પણ શિકાર નહિ કરું અને દારુ નહિ પીઉં. દરેક પ્રકારના પાપનો આજથી ત્યાગ કરું છું."

આ રીતે પ્રતિજ્ઞા કરીને કંઠી પહેરી ઘેર ગયા અને એવા તો ભક્ત બની ગયા કે દરરોજ છ કલાક સતત ધ્યાનમાં બેસી રહેતા હતા. તેનું કારણ શબ્દો...

### ❖ સદ્ ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોથી....

એકવાર સદ્. ગુણાતીતાનંદ સ્વામી સંતો સાથે ભાદર નદીમાં રેતીના પટમાં બપોરે માનસી પૂજા કરતા હતા. તે સમયે લીલાખા ગામનો ચારણ મુંજોસુરુ શિકાર કરીને ભાદર નદીમાં પાણી પીવા માટે આવ્યો. સંતોની પાસે ઊભો રહ્યો એટલે ગુણાતીતાનંદ સ્વામી સમજી ગયા કે આ પાપી માણસ છે. સાથે શિકારમાં ઉપયોગ કરેલા હથિયારો પણ હતાં.

તુરંત સ્વામી બોલ્યા : "ભલા માણસ ! બિચારાં નિર્દોષ પ્રાણીઓને મારે છે, તેમણે તારું શું બગાડ્યું છે ? આ પાપની સજા તારે યમપુરીમાં ભોગવવી પડશે, માટે છોડી દે આવાં બધાં પાપ કરવાનું. યમપુરીથી ઊગરવું હોય તો પાપ છોડી પ્રભુનું શરણું સ્વીકાર."

સ્વામીના શારડીના ધાર જેવા શબ્દો મુંજોસુરુના હૃદયમાં ઊંડે સુધી ઊતરી ગયા અને તુરંત હથિયારો ફેંકી દઈને સ્વામી પાસે કંઠી પહેરી પ્રતિજ્ઞા કરી કે આજ પછી ક્યારેય પણ પાપ નહિ કરું. પછી તે મહાન ભક્ત બની ગયો. તેનું કારણ પણ સંતના શબ્દો જ હતા.

### ❖ વાણીનો દોષ

એકવાર શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં છપ્પર પલંગમાં બિરાજમાન થયા હતા. સામે સંતો-હરિભક્તો બેઠા હતા. એવામાં કાંઈક કોલાહલ થતો સંભળાયો. મહારાજે નાજા જોગિયાને પૂછ્યું : "આ કોલાહલ શાનો છે ?" એટલે તે ઊઠ્યા અને તપાસ કરીને પાછા આવ્યા. હસતાં હસતાં તેમણે કહ્યું : "મહારાજ ! આજે દગડા ચોથ (ભાદરવા સુદ - ચોથ) છે એટલે લોકરિવાજ પ્રમાણે કોઈ વિઘ્ન ન આવે તેથી લોકો બીજાના ખોરડા ઉપર પથ્થરા નાખે. સોમબા ફુઈના ખોરડા ઉપર કોઈએ પથ્થરા નાંખ્યા હશે તેથી સોમબા ફુઈ ગાળોનો વરસાદ વરસાવે છે."

"સોમબા ફુઈ ગાળો બોલે છે ? આટલો બધો અમારો ઉપદેશ સાંભળ્યા પછી પણ સોમબા ફુઈએ જાતિ-સ્વભાવ મૂક્યો નહીં ?" મહારાજ આટલું બોલતાં આકળા થઈ ગયા. તેમના મુખ ઉપરના ભાવો જોઈને સૌને લાગ્યું કે મહારાજ હમણાં ચાલી નીકળશે.

શ્રીજી મહારાજ એકદમ ઊભા થઈ ગયા. તેમણે કહ્યું : "હવે અહીં રહેવું નથી." એટલું કહીને તેમણે અંગરખું પહેર્યું, ચાખડી પહેરીને એકદમ ઉતાવળા ઉતાવળા નીકળી ગયા.

સૌ જોઈ રહ્યા. મુક્તાનંદ સ્વામી પણ જોઈ રહ્યા. તેમને લાગ્યું કે મહારાજની તે દિવસની ઉદાસીનતા હજુ ટળી નથી. નહીં તો આટલી વાતમાં એકદમ આકળા થાય નહીં. તેઓ પણ નીચું જોઈ વિચારમાં પડી ગયા.

દાદાખાચર મહારાજની પાછળ ગયા. પગમાં પડી ગયા. પ્રાર્થના કરી, "મહારાજ ! અમારા ગુના માફ કરો. અમે તો જીવદશાવાળા એટલે દેહ પડે ત્યાં સુધી સ્વભાવ ન મૂકીએ. આપ આવા નમેરા થશો તો અમારું કલ્યાણ કેમથશે ?"

મહારાજે આકળા થઈને કહ્યું : "પણ સોમબા ફુઈ અપશબ્દો કેમબોલે છે ? જ્યાં આવી વાણી બોલાય, ત્યાં અમારાથી રહેવાય નહીં. બોલનારને પાપ લાગે અને સાંભળનારને પણ પાપ લાગે." એટલું કહી મહારાજ હરજી ઠક્કરને ઘેર ચાલ્યા ગયા.

સોમબા ફુઈએ આ જાણ્યું એટલે તે દિલગીર થઈ ગયાં. મહારાજને મનાવવા ગયાં. માફી માગી પ્રાર્થના કરી. પરંતુ મહારાજે કહ્યું : "તમારી વાણીનો દોષ સાંભળનારાના અંતરમાં પાપનાં બીજ પ્રગટાવશે. અમારું કર્યું કરાવ્યું બધું ધૂળમાં મળી જશે. અમે નહોતું જાણ્યું કે અમારા આટલા ઉપદેશ પછી પણ તમારા અંતરમાં અમારી વાણીનો પ્રભાવ પડ્યો નથી." આટલું બોલતાં મહારાજના મુખારવિંદ ઉપર પ્રસ્વેદનાં બિંદુ જામી ગયાં. મહારાજ આગળ બોલવાની કોઈની હિંમત રહી નહીં. દાદાખાચર, હરજી ઠક્કર, લાધા ઠક્કર વગેરે ઉદાસ થઈને દરબારમાં આવ્યા. મોટા સદ્ગુરુઓ હવે મહારાજને મનાવે તો જ મહારાજ દરબારમાં પાછા પધારશે.

(ક્રમશઃ)

## દોષ નિરૂપણ ચિંતન - ૪

# મોહનવરને માન સંગાથે વેર...

પાર્ષદ જનમંગલ ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



"રાજાપુરના તુલસીદાસ પોતાની પત્ની રત્નાવલિના રૂપમાં એટલા બધા આસક્ત થઈ ગયા હતા કે તેને જોયા વિના એક દિવસ પણ રહી શક્તા નહિ. એક દિવસ તેઓ બહારગામગયા હતા ત્યારે રત્નાવલિના ભાઈ તેડવા આવવાથી તે પિયર ગયાં. જ્યારે તુલસીદાસ ઘેર આવ્યા તો પત્નીને ન જોયાં. તુરંત પત્નીના પિયરમાં પહોંચી ગયા...! ત્યારે પત્ની રત્નાવલિએ એક જ વાક્ય કહ્યુ : "આ હાંડ-માંસના દેહમાં આટલી પ્રિત છે, એટલી જો શ્રીરામમાં કરી હોત તો ભવસાગર તરી જાત." આટલા જ શબ્દોથી તુલસીદાસનું અંતર વીંધાઈ ગયું અને ત્યાંથી જ સંસારનો ત્યાગ કરી જતા રહ્યા અને અંતે તુલસીદાસ રામાયણી બની ગયા ! તેનું કારણ શબ્દો..."

ગતાંકથી ચાલુ...

### ❖ કીડીસખીનું પતન....

શ્રીજી મહારાજના સમકાલીન સમયમાં કીડી સખી નામના સાધુ બહુ માની હતા, તેનું મૂળ નામભવાનાનંદ હતું. તેઓ સંગીતવિદ્યામાં પારંગત હતા તેથી સર્વેને કહ્યા કરતા કે 'મહારાજ બીજા સાધુનાં વખાણ કરે છે અને મારાં તો કરતા નથી, મને તો પ્રેમાનંદ કરતા સારું વગાડતા-ગાતાં આવડે છે.' આ રીતે વારંવાર શ્રીજી મહારાજનો અવગુણ લેતા હતા.

સમય જતાં એક દિવસ પ્રેમાનંદ સ્વામીએ મૂર્તિના વર્ણનના કીર્તનો બનાવીને ગાયાં, તેથી ભગવાન શ્રીહરિએ તેઓની સભામાં ખૂબ જ પ્રશંસા કરી પ્રસાદીનો હાર આપ્યો. આવું જોઈને કીડીસખીને મહારાજનો વધારે અવગુણ આવ્યા. જેથી કરીને તે ચાલુ સભામાંથી ઊભા થઈ આસને જતા રહ્યા અને સત્સંગમાંથી નીકળી જવાનું મનોમન નક્કી કરી લીધું.

આ વાતની મુક્તાનંદ સ્વામીને ખબર પડતાં તેઓ કીડીસખી પાસે જઈને શિખામણ દેવા લાગ્યા. ત્યારે કીડીસખી બોલ્યા : "મહારાજ તો પ્રેમાનંદના વારંવાર વખાણ કર્યા કરે છે અને હાર આપે છે. પરંતુ મને તો ક્યારેય હાર પહેરાવતા નથી ને મારા વખાણ પણ કરતા નથી. તેથી હું આ સત્સંગમાંથી જાઉં છું." ત્યારે સ્વામીએ ઘણું સમજાવીને કહ્યું : "આવતી કાલે તમારાં વખાણ કરવાનું હું મહારાજને કહીશ, માટે આજે તમો જશો નહિ.

આ રીતે તેમને સમજાવીને મુક્તાનંદ સ્વામી મહારાજ પાસે ગયા અને સર્વે વાત કરી. પછી બીજે દિવસે સભા ભરાઈ અને સહુ સૌ સંતો વારાફરતી કીર્તનો બોલવા લાગ્યા. ત્યારે કીડીસખી પણ મુક્તાનંદ સ્વામી સામું જોતા જોતા વખાણની ઈચ્છા રાખતા થકા અહંકાર સહિત કીર્તન બોલવા લાગ્યા.

કીર્તન પુરું થયું ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા : " મુક્તાનંદ સ્વામી ! આ કીડીસખીનો રાગ તો મારા મળદ્વારેથી નીકળતા અપાનવાયું જેવો છે." આવું સાંભળીને તુરંત કીડીસખી સભામાં ઊભા થઈ ગયા અને બોલવા લાગ્યા : "હું મોટા મોટા રાજાઓને રીઝાવું એવો છું, અહિંયા કોઈને મારી કલાની ખબર પડતી નથી, હું હવે આ સત્સંગ છોડીને રાજાઓને રીઝાવવા જાઉં છું." ત્યારે મહારાજ કહે : "તમે મને કેવો જાણો છો ?" તો કહે : "ભગવાન." ત્યારે મહારાજે કહ્યું : "માન મૂકીને સત્સંગમાં રહો, તો તમારી વિદ્યા કામમાં આવશે. નહિતર નહીં આવે." તે સમયે કીડીસખી બોલ્યા : "હું તો મોટા મોટા રાજાઓને રાજી કરીશ અને મોટાં મોટાં ઈનામો મેળવીશ." એમકહીને જતા રહ્યા. પછી રસ્તામાં ચાલ્યા જતા હતા ત્યારે એક જીવડું કરડ્યું, તેના કારણે નખની આંગળીયો પાકી અને પતનો રોગ થયો. તેથી વાજિંત્રો વગાડી શક્યા નહિ. પછી તેઓ ખાનદેશ બાજુ ગયા અને અંતે રીબાઈ રીબાઈને મૃત્યું પામ્યાં.

### ❖ માનભંગથી પૂર્ણાનંદ અને નિર્વિકારાનંદ ગયા...

ગઢપુરથી અમદાવાદ જતા શ્રીજી મહારાજે ભાલ પ્રદેશમાં તાવી ગામે ઉતારો કર્યો. તળાવને કિનારે ક્ષૌરકર્મ કરાવવા બિરાજ્યા, વાળંદનો હાથ જાણે પશુ માટે જ ઘડાયો ન હોય ? આ જોઈને દેવળિયાના દરબાર જાલમસિંહ બાપુ જાતે જઈને પોતાના ગામનાં વાળંદને મારતે ઘોડે તેડી આવ્યા. વતું થઈ રહ્યું. મહારાજ નાહ્યા અને પીપરના ઝાડ નીચે સભા ભરી. ત્યાં સંઘની પાછળ ધીમે પગલે ચાલતાં બે સંતો સભાની પાછળ આવીને ઊભા રહ્યા. એક હતા પૂર્ણાનંદ અને બીજા હતા નિર્વિકારાનંદ.

બંને મોટેરા, બંને જૂના, બંને રાહ જોતા હતા કે કોઈ બોલાવે તો આગળ જઈને બેસીએ. પણ સૌ મહારાજની મૂર્તિમાં તલ્લીન હતા.

અંતર્યામી ભગવાન શ્રીહરિએ અચાનક જ પૂછ્યું : 'કોઈએ મૂર્તિમાન માન જોયું છે ?' કોઈ બોલી શક્યું નહીં. મહારાજ કહે : 'જુઓ, આ બે પ્રત્યક્ષ માનની મૂર્તિયું ઊભી છે.' પછી બોલ્યા : 'જુઓને, આ જાલમસિંહ ગામધણી કે જેને માન ખપે છે તે વાળંદનો થેલો બગલમાં નાંખીને નિર્માની થઈને ઊભા છે, ને આ સંતો કે જેમણે નિર્માનીપણે રહેવાનું છે, તે માન માગે છે.'

સભામાં સન્નાટો છવાઈ ગયો. પૂર્ણાનંદ સ્વામીને તો આ અપમાન એવું હાડોહાડ લાગ્યું કે તેઓ ઘરભણી ચાલતા થયા. અને માનને કારણે નિર્વિકારાનંદ સ્વામી પણ ગયા.

### ❖ માનથી નિર્વિકલ્પાનંદ અને હર્ષાનંદે સત્સંગનો ત્યાગનો ત્યાગ કર્યો...

મુક્તાનંદ સ્વામી શ્રીજી મહારાજની આજ્ઞાથી વડોદરામાં પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી જીત મેળવીને પધાર્યા ત્યારે મહારાજ તેમનું સન્માન કર્યું અને બહુ વખાણ કર્યાં. તેથી આ સન્માન નિર્વિકલ્પાનંદ અને હર્ષાનંદ આ બે સાધુથી દેખી શકાયું નહિ. તે બંને મુક્તાનંદ સ્વામી વિષે જેમ તેમ બોલવા લાગ્યા. પંડિતાઈનું માન નડ્યું. શ્રીજી મહારાજ કુરાજી થયા, અંતરમાં દુઃખાયા તે પાપે કરીને અને માનને કારણે બંને સત્સંગમાંથી નીકળી ગયા અને પ્રથમપોતે જેમને સત્સંગ કરાવેલો હતો તેમને પણ શ્રીજી મહારાજનો અવગુણ નાખી વિમુખ કરવાની પ્રવૃત્તિ કરવા લાગ્યા.

### ❖ માનને કારણે સત્સંગનો ત્યાગ....

શ્રીજી મહારાજના સમયમાં અનેક વિદ્વાન સંતો હતા. તેઓમાં પરમ ચૈતન્યાનંદ સ્વામી પણ એક વિદ્વાન સંત હતા. પરંતુ તેઓ બહુ માની પ્રકૃતિવાળા હતા. તેથી મહારાજનો રાજીપો તેમની ઉપર ન હતો.

એક વખત ગઢડામાં ઉત્સવ હતો. સંતો-હરિભક્તો સંઘ લઈને આવતા જાય. મહારાજ દરેકને બાથમાં ઘાલીને મળતા જાય, ગઢડાની સીમમાં આવે તેને હેત કરે, ખબર પૂછે ને રાજીપે બોલાવે...

પરમચૈતન્યાનંદ સ્વામી પોતાનું મંડળ લઈને અહીં આવી પહોંચ્યા, દંડવત્પ્રણામ કરવા લાગ્યા, પણ મહારાજે નજર સુદ્ધાં ન નાંખી ! અરે 'દંડવત્ રાખો' એટલું ય ન કહ્યું. વળી બીજી બાજુ થઈ ગામભણી ચાલ્યા ગયા !

આ અવગણના, આ ઉપેક્ષા એવી મર્મભેદક નીવડી કે સ્વામી હચમચી ગયા, પણ માનને કારણે માફી માંગવાને બદલે મારગ ફંટાવી દેવાનો નિર્ણય કર્યો.

એ નિર્ણય હતો સત્સંગ મૂકીને દક્ષિણ ગુજરાત તરફ ચાલ્યા જવાનો. લક્ષ્મણાનંદ સ્વામી, બલભદ્રાનંદ સ્વામી જેવા સંતો પણ સાથે જવા તૈયાર થયા. સ્વામી કહે : 'સંતો ! તમે બધા કેમમારી પાછળ આવો છો ? તમે મારા માટે નહીં, મહારાજ માટે સાધુ થયા છો. હું તો મારા માનને કારણે જાઉં છું. માટે તમે જાવ, મહારાજની આજ્ઞા પ્રમાણે રહેજો...'

### ❖ માનથી દુઃખી મંગળદાસ...

વડોદરા શહેરમાં સદ્. ગોપાળાનંદ સ્વામીના સમયમાં મંગળીયો નામે એક સારા અને સાધારણ સ્થિતિના હરિભક્ત હતા. તેઓ મંદિરની તથા સાધુ-સંતોની તન-મનથી સેવા કરતા. એક વખત ગોપાળાનંદ સ્વામી વડોદરા પધારેલા ત્યારે તેને દર વખતે સેવા કરતો જોઈ સ્વામીએ તેનો પરિચય બીજા સત્સંગીઓને પૂછ્યો. તેનો પરિચય આપતા સત્સંગીઓએ તેની આર્થિક પરિસ્થિતિ સાથે તેના ઉપર કૃપા કરવા સ્વામીને વિનંતી કરી. દયાળુ મૂર્તિ ગોપાળાનંદ સ્વામીએ સત્સંગીઓની વાત સાંભળી તે મંગળીયા ઉપર રાજી થઈ અંતઃકરણથી આશીર્વાદ આપ્યા. તેથી મંગળીયાનું તો કામ થઈ ગયું, આલોક ને પરલોક બેય સુધરી ગયા તેમદરેકે માન્યું. અને બન્યું પણ એમજ. સ્વામીના રાજીપાથી મંગળીયાને ગાયકવાડ સરકારની સારી નોકરી મળી ગઈ. તેમાં વધતા વધતા તો તે ખૂબ આગળ વધ્યા ને ખુદ ગાયકવાડ સરકારના દિવાન બન્યા. મંગળીયામાંથી મંગળદાસ થઈ ગયા. પછી તો રાજકીય પ્રવૃત્તિમાં ઘૂંચવા. એટલે મંદિરની અને સંતની સેવા બંધ થઈ ગઈ, એટલું જ નહિ પણ મંદિરે દર્શન કરવા આવવાનો સમય પણ ન રહ્યો.

એમ કરતા સાત-આઠ માસે ગોપાળાનંદ સ્વામી ફરી વડોદરા પધાર્યા. અને ત્યાં બે-ત્રણ માસ રોકાયા. મંગળીયાને તે દરમ્યાન કોઈ પણ દિવસ નહિ જોવાથી સ્વામીએ હરિભક્તોને પૂછ્યું : 'મંગળીયો કેમ દેખાતો નથી ?' ત્યારે હરિભક્તોએ કહ્યું : 'સ્વામી ! એ તો આપના રાજીપાથી સરકારના દિવાન બન્યા છે અને તેમને તો મોટો આલેશાન બંગલો, ઘોડાગાડી અને આલોકના વૈભવો મળ્યા છે, તેથી રાજકાજમાં સમય નહિ મળવાથી મંદિરે દર્શન કરવા આવતા નથીને સેવા પણ બંધ થઈ ગઈ છે. સ્વામીએ કહ્યું : 'મારા આવ્યાના સમાચાર આપો અને સ્વામી બોલાવે છે તેમકહેજો.'

પછી મંગળદાસને કહેવાથી મંદિરે આવ્યા. તેથી સ્વામીએ હેતથી કહ્યું : 'આવ મંગળીયા આવ. તું તો મોટો દિવાન થઈ ગયો છે ને ?' પોતાને મંગળીયો કહ્યો તેથી મંગળદાસને ખોટું લાગી ગયું, એટલે જતી વખતે સ્વામીના શિષ્ય પુરુષાનંદ સ્વામી પાસે જઈને રોફથી કહેવા લાગ્યા : 'તમો સ્વામીને કહી દેજો કે હવે પછી મને વિવેકથી બોલાવે, હું વડોદરાનો દિવાન છું અને મને તુંકારે બોલાવે તે શોભે ખરું ?' જરા વિવેક તો રાખવો જોઈએને !

પછી પુરુષાનંદ સ્વામીએ તે ગયા પછી સ્વામીને સર્વે વાત કહી. તેથી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'અમને વિવેક ન હતો તેથી જ મોટપ આપીને...!!! સ્વામીના આટલા જ વાક્યોથી મંગળદાસ ફરીને મંગળીયો થઈ ગયો. કારણ કે મોટા પુરુષનો રાજીપો જતો રહ્યો તેથી નોકરી પણ જતી રહી. (ક્રમશઃ)



# સત્સંગ સમાચાર પત્રિકા

અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર



## ડોંબીવલી મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનો ધામધૂમપૂર્વક ઉજવાયેલ તૃતીય પાટોત્સવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ ની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે આજથી ત્રણ વર્ષ પૂર્વે બે કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ નવ્ય ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા (જેઠ સુદ - ૧૦, શ્રીહરિ સ્વધામગમનતિથી) પ્રતિષ્ઠીત નિજમંદિરમાં બિરાજમાન બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજ આદિક દેવોના **'તૃતીય પાટોત્સવ'**નું અ.નિ. શ્રી રતનશીભાઈજેઠાભાઈ ખુથીયા પરિવાર તથા પ.ભ. શ્રી ડુંગરશીભાઈ ગોપાલભાઈ નિસર (ભચાઉ-કચ્છ)ના મુખ્ય યજમાનપદે સં. ૨૦૬૩ જેઠ સુદ - ૧૦, તા. ૨૫-૬-૦૭ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પાટોત્સવ પ્રસંગે આવા ઘોર કળિકાળમાં ઠેર ઠેર જ્યારે વિષય-વ્યસન અને વ્હેમના ઢોલ વાગી રહ્યા છે અને સર્વત્ર ભયંકર પાપાચાર અને દુરાચારથી ભાવિ પેઢી ખતમ થઈ રહી છે ત્યારે સત્સંગનું પોષણ થાય અને આ માયાનગરીમાં વસતા આવતી ભાવિપેઢીમાં સુસંસ્કાર પ્રાપ્ત થાય તેવા હેતુસર સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'**નું સં. ૨૦૬૩ જેઠ સુદ - ૫ તા. ૧૯-૬-૦૭ થી સં. ૨૦૬૩ જેઠ સુદ - ૧૦ તા. ૨૫-૬-૦૭ સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સરધાર નિવાસી **પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના કૃપાપાત્ર શિષ્ય **પૂ. સ્વામી શ્રી નિષ્કામસ્વરૂપદાસજી**ના બિરાજી પોતાની સુમધુર શૈલીમાં ગીત-સંગીતના કલરવ સાથે કથાનું રસપાન કરાવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

સં. ૨૦૬૩ જેઠ સુદ - ૧૦, તા. ૨૫-૬-૦૭ (શ્રીહરિ સ્વધામગમનતિથી)ના રોજ ષોડ્પશારપૂજનવિધિની સાથે કેસરાદિક અને પંચામૃત જળે કરીને મંદિરમાં બિરાજમાન બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજ આદિક દેવોના 'તૃતીય પાટોત્સવ'ના ઉપક્રમે ઠાકોરજીનો અભિષેક પૂ. સંતો અને યજમાનો દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઠાકોરજી સમક્ષ છપ્પનભોગ અન્નકૂટ પૂરીને પૂ. સંતો અને યજમાનો દ્વારા આરતી ઉતારવામાં આવી હતી.



આ પાટોત્સવનો અલૌકિક લ્હાવો ડોંબીવલી, થાણા, કલ્યાણ, દહિસર, બોરિવલી, કલવા, મીરા રોડ, વસઈ, વાસી, મલાડ, કાંદિવલી, મુલુંડ વગેર મુંબઈ પરા વિસ્તારના અને પૂના, નાસિક, સુરત, વલસાડ, વાપી, પારડી, નવસારી વગેરે વિસ્તારોના હરિભક્તોએ લીધો હતો.

## બોરિવલી મંદિરમાં બિરાજમાન દેવોના તૃતીય પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવણી



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ ની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી બોરિવલી મંદિરમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા (જેઠ સુદ - ૧૦, શ્રીહરિ સ્વધામગનતિથી) પ્રતિષ્ઠીત મંદિરમાં બિરાજમાન દેવોના તૃતીય પાટોત્સવની તા. સં. ૨૦૬૩ જેઠ સુદ - ૧૦, તા. ૨૫-૬-૦૭ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પાટોત્સવ પ્રસંગે સદ્. નિષ્કુળાનંદ સ્વામી વિરચિત **'પુરુષોત્તમપ્રકાશ કથા પારાયણ'**નું સં. ૨૦૬૩ જેઠ સુદ - ૭ તા. ૨૧-૬-૦૭ થી સં. ૨૦૬૩ જેઠ સુદ - ૧૦ તા. ૨૫-૬-૦૭ સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે બગસરા નિવાસી **પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી**ના કૃપાપાત્ર શિષ્ય **પૂ. સ્વામી શ્રી નિર્ભયચરણદાસજી**ના બિરાજી પોતાની સુમધુર શૈલીમાં ગીત-સંગીતના કલરવ સાથે કથાનું રસપાન કરાવ્યું હતું.

તા. ૨૫-૬-૦૭ ના રોજ ષોડ્ષશાર પૂજનવિધિની સાથે કેસરાદિક અને પંચામૃત જળે કરીને મંદિરમાં બિરાજમાન દેવોના 'તૃતીય પાટોત્સવ'ના ઉપક્રમે ઠાકોરજીનો અભિષેક પૂ. સંતો અને યજમાનો દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઠાકોરજી સમક્ષ છપ્પનભોગ અન્નકૂટ પૂરીને પૂ. સંતો અને યજમાનો દ્વારા આરતી ઉતારવામાં આવી હતી.

આ પ્રસંગે બગસરાથી પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી, વરજાંગ જાળિયાથી પૂ. પુરાણી શ્રીહરિદાસજી સ્વામી તથા વડતાલથી પૂ. વકીલ સ્વામી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતો પધારી ભક્તજનોને દર્શન-કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

## થાણામાં યોજાયેલ ભવ્ય દ્વિમાસિક સત્સંગ સભા

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંકલ્પથી દર બે માસે મુંબઈના અલગ અલગ વિસ્તારોમાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન ત્યાં વસતાં હરિભક્તો દ્વારા કરવામાં આવે છે અને હજારો ભક્તો ભેગાં થઈને પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ પૂ. સંતોની દિવ્ય અમૃતવાણી-દર્શનનો લાભ લઈ આ માયાવી નગરીના પાશથી બચવા સતત પ્રયત્નશીલ રહે છે.



તા. ૧૨૫-૭-૦૭ના રોજ મુંબઈનગરીના થાણા ખાતે પ.પૂ. ભવ્ય દ્વિમાસિક સત્સંગ સભા રાખવામાં આવી હતી.

સાંજે ૪.૦૦ કલાકે સત્સંગ સભાની કીર્તન-ભક્તિના કલરવ સાથે શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી - બગસરા, પૂ. પુરાણી શ્રીહરિદાસજી સ્વામી - વરજાંગ જાળિયા, પૂ. વકીલ સ્વામી - વડતાલ, પૂ. ઘનશ્યામ સ્વામી - રઘુવીરવાડી, પૂ. નિષ્કામસ્વામી - સરધાર વગેરે ધામોધામથી પધારેલ પૂ. સંતોએ કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

અંતમાં ઠાકોરજી ની આરતી ઉતારી સભાની સમાપ્તિ કરવામાં આવી હતી. પછી સહુ ભક્તજનો ઠાકોરજીનો મહાપ્રસાદ આરોગી છૂટા પડ્યા હતા.

## આવ્યો ચાતુર્માસ મનોહર...

*विषेशनियमो धार्यच्चातुर्मास्यस्येऽखिलैरपि*

**(અને અમારા જે સર્વ સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમધારવો)**

ચાતુર્માસનો મહિમા ભગવાનની ભક્તિ કરવાને માટે , પરમાત્માનો રાજીપો મેળવવાને માચે શાસ્ત્રોમાં સર્વોત્તમબતાવેલો છે. ચાતુર્માસની શરૂઆત અષાઢ માસની દેવપોઢી એકાદશી (નીમિએકાદશી)થી થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ આ એકાદશીએ પરંપરાનું પાલન કરાવતા ભક્તોને વિવિધ નિયમો આપતા તેના પ્રસંગો સંપ્રદાયના માન્ય લીલાચરિત્રોના ગ્રંથોમાં પ્રસિદ્ધ છે.

ભગવાન શ્રીહરિ દેવપોઢી એકાદશીના દિવસે સામેથી નિયમો આપતા. અહિં આપેલા નિયમ પરથી મહારાજનો અભિપ્રાય આપણને સ્પષ્ટપણે જણાય છે કે તેઓશ્રીને કેટલી બધી તપ-ત્યાગની રુચિ હતી. આવી રીતે આપણે પણ મહારાજની રુચિમા ભળીને મહારાજે બતાવેલ શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે 'विषेशनियमो धार्यच्चातुर्मास्यस्येऽखिलैरपि' - અને અમારા જે સર્વ સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમધારવો. જો આપણે ચાતુર્માસમાં વિશેષ નિયમ રાખીશું તો આપણા પર ભગવાન શ્રીહરિની તથા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની, સંતો-ભક્તો વગેરેની અધિક પ્રસન્નતા થશે.

# શ્રીજીપ્રસાદિભૂત તીર્થધામ સરધારને આંગણે
# દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી લાભપાંચમસુધી

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે બારમી

# ।। શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી ।।

**પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

# :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર :-** તા. ૫-૮-૦૭, અષાઢ વદ - ૭, રવિવાર સવારે ૯ થી ૧૨

**રાજકોટ :-** તા. ૦૨-૦૮-૦૭, અષાઢ વદ - ૪, ગુરુવાર, રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** મહેન્દ્રભાઈ પાટડીયા મો. ૯૪૨૬૨ ૨૯૫૫૮, કરશનભાઈ ઢાંકેચા મો. ૯૪૨૬૭ ૮૧૧૭૯

હાર્દિક અભિનંદન



**પ.ભ. શ્રી રાજનકુમાર ઘનશ્યામભાઈ પટેલ (અમદાવાદ)**

માર્ચ-૨૦૦૭માં ગુજરાત એસ.એસ.સી. બોર્ડ દ્વારા લેવાયેલ ૧૦મા ધોરણની પરીક્ષામાં મૂળ સુરેન્દ્રનગરના વતની હાલ અમદાવાદના રહીશ શ્રી ઘનશ્યામભાઈ ઈશ્વરભાઈ પટેલના સુપુત્ર અમદાવાદ શહેરમાં એસ.વી. કાપડીયા હાઈસ્કુલમાં અભ્યાસ કરતા શ્રી રાજનકુમારે ૯૪.૪૬% ટકા લાવીને અમદાવાદ શહેરમાં પ્રથમ ક્રમાકે અને સમગ્ર ગુજરાત રાજ્યમાં છઠ્ઠા ક્રમે ઉત્તીર્ણ થયા છે. આ બાળકે ફક્ત કુટુંબ-પરીવાર કે સમાજમાં જ નહિ, પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ વધારેલ છે. તેઓને હજુ આગળના અભ્યાસક્રમોમાં વધુને વધુ શક્તિ આપે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના...

હાર્દિક અભિનંદન



**પ.ભ. ધ્રુવકુમાર વાસુદેવભાઈ પટેલ (અમદાવાદ)**

માર્ચ-૨૦૦૭માં ગુજરાત એસ.એસ.સી. બોર્ડ દ્વારા લેવાયેલ ૧૦મા ધોરણની પરીક્ષામાં મૂળ સુરેન્દ્રનગરના વતની હાલ અમદાવાદના રહીશ શ્રી વાસુદેવભાઈ ઈશ્વરભાઈ પટેલના સુપુત્ર અમદાવાદ શહેરમાં સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં અભ્યાસ કરતા શ્રી ધ્રુવકુમારે ૮૯.% ટકા લાવીને ફક્ત કુટુંબ-પરીવાર કે સમાજમાં જ નહિ, પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું પણ ગૌરવ વધારેલ છે. તે બદલ તેઓને હજુ આગળના અભ્યાસક્રમોમાં વધુને વધુ શક્તિ આપે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના...

હાર્દિક અભિનંદન



**પ.ભ. શ્રી દિલિપકુમાર શાંતિલાલભાઈ મકવાણા (બોરિવલી)**

મૂળ જામકા(જી.અમરેલી) હાલ બોરિવલી-મુંબઈના રહીશ શ્રી શાંતિભાઈ પી. મકવાણાના સુપુત્ર શ્રી દિલિપકુમારે હમણાં માર્ચ - ૨૦૦૭માં મહારાષ્ટ્ર એસ.એસ.સી. બોર્ડ દ્વારા લેવાયેલ દસમા ધોરણની પરીક્ષામાં ૯૪.૪૬% ટકા લાવીને મહારાષ્ટ્ર મુંબઈમાં ગુજરાતીઓમાં પ્રથમક્રમાંકે આવેલ છે. આ બાળકે ફક્ત કુટુંબ-પરીવાર કે સમાજમાં જ નહિ, પરંતુ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે અને બોરિવલી શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ચાલતું 'શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત મંડળ' તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું નામરોશન કરેલ છે. દિલિપકુમારે મુંબઈના એસ.એસ.સી. બોર્ડના વિદ્યાર્થીઓમાં ગુજરાતી વિષયમાં ૯૧% ટકા માર્કસ મેળવીને બોર્ડ તરફથી મળતું 'છોટાલાલ મહાસુખરામભટ્ટ' તેમજ 'રજનીકાંત શાહ' એમબંને પારિતોષિક પણ પ્રાપ્ત કર્યા છે. તે બદલ હાર્દિક અભિનંદન




# ચાલો સોરઠ પંચતીર્થ પદયાત્રા સંઘમાં....



સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન શ્રી
સ્વામિનારાયણના પવિત્ર ચરણઅંકિત થયેલી
તીર્થભૂમિમાં એટલે સોરઠની પંચતીર્થની વડતાલ
પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ



આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - બગસરા દ્વારા આયોજીત

# ।। શ્રી સ્વામિનારાયણ પદયાત્રા સંઘ ।।




**પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી - વડતાલ (હાલ-બગસરા)

**:: પ્રારંભ ::**
તા. ૨૦-૮-૦૭
શ્રાવણ સુદ - ૭

**કુલ દિવસ**
૬ (છ)

**:: પૂર્ણાહુતિ ::**
તા. ૨૫-૮-૦૭
શ્રાવણ સુદ - ૧૨

## :: પદયાત્રા કાર્યક્રમ::

**પ્રથમ દિવસ : તા. ૨૦-૮-૦૭ શ્રાવણ સુદ - ૭, સોમવાર**
બગસરા - હળીયાદ - ઘંટીયાણ - ધારી ગુંદાળી - ભેંસાણ (રાત્રિ રોકાણ)

**દ્વિતીય દિવસ : તા. ૨૧-૮-૦૭ શ્રાવણ સુદ - ૮, મંગળવાર**
રાણપુર - બલીયાવડ - ચોકલી - જૂનાગઢ (રાત્રિ રોકાણ)




**તૃતીય દિવસ : તા. ૨૨-૮-૦૭ શ્રાવણ સુદ - ૯, બુધવાર**
વંથલી - નરેડી - બોડકા - પીપલાણા (રાત્રિ રોકાણ)

**ચતુર્થ દિવસ : તા. ૨૩-૮-૦૭ શ્રાવણ સુદ - ૧૦, ગુરુવાર**
સારંગપીપળી - માણાવદર - બાંટવા - આંબલીયા (રાત્રિ રોકાણ)

**પંચમ દિવસ : તા. ૨૪-૮-૦૭ શ્રાવણ સુદ - ૧૧, શુક્રવાર**
પંચાળા - કાળેજ - તલોદરા - લોજ (રાત્રિ રોકાણ)

**છઠ્ઠો દિવસ : તા. ૨૫-૮-૦૭ શ્રાવણ સુદ -૧૨, શનિવાર**
માંગરોળ (પદયાત્રા સમાપ્ત) ત્યાંથી બસ દ્વારા કાલવાણી-અગતરાઈ થઈ બગસરા યાત્રા પૂર્ણ થશે.




**ખાસનોંધ :-** પદયાત્રામાં જોડાવનાર યાત્રિક પોતાનું નામતા. ૧૫-૮-૦૭ સુધીમાં નામનોંધાવવું જરૂરી છે. જેમનું નામઅગાઉથી નોંધાયેલું હશે તે જ વ્યક્તિ પદયાત્રામાં જોડાઈ શકશે. તેમજ સશક્ત હોય અને વ્યક્તિ પોતના પૂરી યાત્રા દરમ્યાન કોઈ તકલીફ ન પડે તેમહોય તેમને જ આ પદયાત્રામાં જોડાવું.

**:: વધુ વિગત માટે ::**

(૧) **ખોપાળા** - ફો. ૦૨૮૪૭ - ૨૮૨૦૩૭ (૨) **સરધાર** - ફો. ૯૮૭૯૭ ૫૮૫૦૩ (૩) **અમરેલી** - ફો. ૦૨૭૯૨ - ૨૨૦૫૦૧ (૪) **શ્રીજીમંદિર - સુરત** - ફો. ૯૮૭૯૭ ૫૮૫૧૩ (૫) **બોરિવલી(મુંબઈ)** - ફો. ૦૨૨ - ૨૮૯૦૩૭૧૭ (૬) **શ્રી અદ્‌ભૂત સ્વામી** - મો. ૯૮૭૯૭ ૫૮૫૧૯ (૭) **વડતાલ** - મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮ (૮) **દલસુખભાઈ હિરપરા - બગસરા** - મો. ૯૩૭૪૨ ૪૭૯૦૪ (૯) **નંદલાલભાઈ બામટા - બગસરા** - મો. ૯૯૨૫૭ ૨૮૯૭૬ (૧૦) **ગોરધનભાઈ - અમદાવાદ** - મો. ૯૯૨૫૦ ૪૯૧૦૮ (૧૧) **શાંતિલાલ - માણાવદર** - મો. ૯૪૨૬૧ ૬૭૭૦૮




**આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - બગસરા**
બંગલી ચોક, જી. અમરેલી. ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧

Shree Swaminarayan Chintan, July-2007
Reg. No. GRJ - 517, Valid upto 31-12-08, RNI No. GUJGUJ10785/06/1/03 - TC

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ચાલો રઘુવીરવાડી - વડતાલ...

સર્વોત્કર્ષપણે બિરાજમાન પરમગુરુ વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજનું હૃદયના શુદ્ધભાવથી પૂજન-વંદન કરીને આપણા સૌ કોઈ શિષ્યના જીવનમાં યોગ અને ક્ષેમનું વહન કરનારા વિરલ ગુરુદેવ દક્ષિણ વિભાગ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને કૃતજ્ઞતાપૂર્વક વંદના કરીને ગુરુઋણ માંથી મુક્ત થવાનું પર્વ એટલે



શ્રી હરિકૃષ્ણ મહારાજ



# ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૦૭

**તારીખ : ૨૯-૭-૦૭ અષાઢ સુદ - ૧૫ (ગુરુપૂર્ણિમા) સમય : સવારે ૯ થી ૨**

**સ્થળ :-** 'આચાર્યશ્રી નિવાસ' રઘુવીર વાડી - વડતાલ.

**સંપર્ક :-** પૂ. ઘનશ્યામ સ્વામી - ૯૮૨૫૧ ૩૪૧૦૮,
પ.ભ. શ્રી નનુમામા - ૯૮૨૫૨ ૩૪૩૬૨

**ખાસનોંધ :** દર્શન-પૂજન માટે આવનાર તમામ હરિભક્તો માટે રઘુવીરવાડી ખાતે મહાપ્રસાદનો લાભ લેવા આમંત્રણ છે.

Shreeji Art (079) 26580916, 9879606686









Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas




**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી ડોંબીવલી મંદિર બિરાજમાન શ્રી ઘનશ્યામમહારાજનો ઉજવાયેલ 'તૃતીય પાટોત્સવ - ૨૦૦૭'**

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલીમાં લાલ વાઘામાં શોભતા શ્રી ઘનશ્યામમહારાજ. ૨/૩. તૃતીય પાટોત્સવ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણનું રસપાન શ્રોતાજનો. ૪. તૃતીય પાટોત્સવ પ્રસંગે કેસરાદિક ચંદન અને પંચામૃત વડે ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી - સરધાર તથા પૂ. ઘનશ્યામ સ્વામી - વડતાલ તથા યજમાનશ્રીઓ. ૫. ઠાકોરજીને ધરાવવામાં આવેલ અન્નકૂટ દર્શનની આરતી ઉતારતા પૂ. સંતો તથા યજમાન પરિવાર. ૬. શ્રી ઘનશ્યામમહારાજને ધરાવેલ છપ્પનભોગ અન્નકૂટ. ૭. કથાપારાયણ પૂર્ણાહુતિની આરતી ઉતારતા યજમાનશ્રીઓ. ૮. થાણાને આંગણે યોજાયેલ મુંબઈ પરાવિસ્તારની દ્વિમાસિક સત્સંગ સભામાં ઉપસ્થિત પૂ. સંતો તથા પરાવિસ્તારના હરિભક્તો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સરધારધામને આંગણે આગામી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા




## "ટૂંક સમયમાં જ પ્રકાશિત થાય છે..."

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો મહાન સમ્રાટ ગ્રંથ (મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર)

# ॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥

**ભાગ : ૧-૨, પ્રકરણ : ૧ થી ૫ ✧ પડતર કિંમત : રૂા. ૪૦૦/-**

**સૌજન્ય પ્રાપ્ત થતા વેંચાણ કિંમત : રૂા. ૨૫૦/- (બંને ભાગ સાથે)**

વ્હાલા ભક્તજનો ! ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્વમુખે જે શાસ્ત્રને સર્વશાસ્ત્રમાં શિરમોડ શાસ્ત્રનું બિરૂદ આપી પ્રશંસા કરી છે તેવા શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથને નંદસંતોના હસ્તલિખિત પ્રતના માધ્યમથી સર્વપ્રથમવાર સંસ્કૃતની સાથે સરળ ગુજરાતી ભાષામાં ખૂબ સુંદર રીતે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા ફોરકલરમાં વિવિધ ચિત્રંવલીનં અંશરે ત્રીશેક પેંઝ યુકતં આ ગ્રંથ પ્રકાશિત કરવાનો નિર્ધાર કરેલો છે. જેનું શુદ્ધ અને વિષયવાર હેડીંગ, પેરેગ્રાફાદિ સહિત માટે જ વાંચવામાં સરળ અને શ્રવણગમ્ય ગુજરાતી અનુવાદ તથા પ્રુફ સંશોધન સરધાર નિવાસી સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય) એ કરેલ છે.

તા.ક. વ્હાલા ભક્તજનો ! આ ગ્રંથનું વિમોચન ગુરુપૂનમના (૨૯-૭-૦૭) દિવસે વડતાલમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા કરવામાં આવશે.



ઘનશ્યામ જન્મોત્સવ

**ખાસનોંધ :-** વિશેષમાં જેમણે આ ગ્રંથમાં નામ લખાવ્યું હોય તેમણે રકમભરભાઈ કરીને પહોંચ-પાવતી મેળવી હોય તેઓએ જ્યાં સુધી ગ્રંથ ન મળે ત્યાં સુધી તે પહોંચ-પાવતી પોતાની પાસે સાચવીને રાખવી. જેમની પાસે પહોંચ હશે તેમને જ આ ગ્રંથ આપવામાં આવશે. જેની દરેકે સભ્યોએ નોંધ લેવી.



પીપલાણા મેળાપ

**પ્રાપ્તિ સ્થાન :-**

**શ્રી સ્વામિનારાયણ - મંદિર**

**સરધારઃ** તા.જી. રાજકોટ. ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, ૯૮૭૯૭ ૫૮૫૦૩

**ડોંબીવલી :** રાજાજી રોડ, રેલ્વે બ્રીજની બાજુમાં. ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫


**સુરત :** શ્રીજીનગર વિ-૨ વરાછા રોડ, ફો. ૯૮૭૯૭૫૮૫૧૩

**અમરેલી :** પાણી દરવાજા. ફો.નં. ૦૨૭૯૨ - ૨૨૦૫૦૧, ૨૨૪૧૩૩


**બગસરા :** બંગલી ચોક. ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧

**ખોપાળા :** તા. ગઢડા જી. ભાવનગર. ફો.નં. ૦૨૮૪૭ - ૨૮૨૦૩૭

**વડતાલ :** શ્રી રઘુવીર વાડી, ફો.નં. ૯૮૨૫૧ ૩૪૧૦૮



જેતપુર પટ્ટાભિષેક



આચાર્ય સ્થાપાના



અંતર્ધાન લીલા